સુવિચાર

સફળતા કદી કાયમી હોતી નથી, તે જ રીતે નિષ્ફળતા પણ કાયમ માટે રહેતી નથી...

RNI Reg. GUJGUJ/2010/44893


ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

યાંત્રિક વિભાગના ઈજનેર – નાયબ ઈજનેર સહિત ત્રણ ૫૦ હજારની લાંચ લેતા ઝડપાયા P-4


Year-16, Issue-168 ■ DATE : 30-10-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# વડાપ્રધાન મોદી ગુજરાતમાંઃ રૂ.૧૨૧૯ કરોડના પ્રોજેકટનો કરશે શિલાન્યાસ

## કાલે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિએ કેવડિયા કોલોની ખાતે પ્રજાસત્તાક પર્વની પેટર્ન પર યોજાયેલા કાર્યક્રમમાં ભાગ લેશેઃ રજવાડાઓના મ્યુઝિયમનું ખાતમુહૂર્ત કરશે





**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સાંજથી બે દિવસના ગુજરાત પ્રવાસે આવી પહોંચશે. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે એકતાનગર ખાતે યોજાનારા અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે અને ૧૨૧૯ કરોડના વિવિધ પ્રોજેકટનો શિલાન્યાસ-ઉદ્દઘાટન કરશે.

અખંડ ભારતના શિલ્પી લોહપુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી ૩૧ ઓક્ટોબરની એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના ઉજાગર કરતી ઉજવણી કરવામાં આવશે તેમ જણાવતાં પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ વર્ષના ઉપલક્ષ્યમાં રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર ઉજવણીનું બહુવિધ આયોજન કરવામાં આવ્યું છે.

દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસે યોજાતી પરેડની પેટર્ન પર રાષ્ટ્રીય એકતા દિવસના અવસરે એકતાનગર ખાતે પ્રથમ વખત ભવ્ય મૂવિંગ પરેડનું આયોજન, વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક વિરાસતની ઝાંખી કરાવતા કાર્યક્રમો તથા રાજ્યોની સિદ્ધિઓ દર્શાવતા 'એકત્વ' થીમ આધારિત ૧૦ ટેબ્લોઝ પ્રસ્તુત કરવામાં આવશે.

વડાપ્રધાન તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબરે કેવડીયા એકતાનગર ખાતે યોજાનાર એકતા દિવસની ઉજવણીમાં સહભાગી થશે. તેઓ ૩૦ ઓક્ટોબરના રોજ સાંજે ૫.૩૦ કલાકે વડોદરાથી એકતાનગર ખાતે આવી પહોંચશે અને ઈ-બસોને લીલી ઝંડી આપશે તથા એકતાનગરમાં રૂ. ૧,૨૧૯ કરોડથી વધુના વિવિધ માળખાગત અને વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્દઘાટન અને શિલાન્યાસ કરશે તથા તેઓ સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિના ઉપલક્ષ્યમાં સ્મૃતિ સિક્કાનું અને ટપાલ ટિકીટનું પણ અનાવરણ કરશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતને જે ૧,૨૧૯ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોની ભેટ આપવાના છે તેમાં ૩૬૭ કરોડના ખર્ચે નિર્માણ થનારા ધ મ્યુઝિયમ ઓફ રોયલ કિંગડમ્સ ઓફ ઈન્ડિયાના ખાતમુહૂર્ત સહિત કુલ રૂ. ૭૦૦ કરોડથી વધુ રકમના ખાતમુહૂર્ત તથા આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાના નામ સાથે જોડાયેલા ૩૦૩ કરોડના ખર્ચે નિર્મીત બિરસા મુંડા ભવનના ઉદ્દઘાટન સહિત કુલ ૫૧૯ કરોડ રૂપિયાના વિકાસ કામોના ઉદ્દઘાટન પણ કરશે.

તેમણે ઉમેર્યું કે, ૩૧ મી ઓક્ટોબરે સવારે વડાપ્રધાન સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદના કરશે તથા એકતાનગર ખાતે ભારત પર્વ અંતર્ગત ડેમ વ્યુ પોઈન્ટ-૧ ખાતે થનારી સાયક્લોથોન ઈવેન્ટનો કર્ટન રેઈઝર લોન્ચ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય એકતા દિવસની આ પરેડમાં BSF, CISF, ITBP, CRPF, SSB, JK, પંજાબ, આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, કેરાળા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને NCC મળીને કુલ ૧૬ કન્ટીજન્ટ્સ સહભાગી થશે.

એટલું જ નહિં, ઓપરેશન સિંદૂરના BSFના ૧૬ પદક વિજેતા અને CRPFના પાંચ શૌર્ય ચક્ર વિજેતા બહાદુર જવાનો પણ આ પરેડમાં ખુલ્લી જીપ્સીમાં જોડાશે. આ પરેડનું નેતૃત્વ વિવિધ રંગબેરંગી વેશભૂષા અને અલગ-અલગ વાજિંત્રો સાથે હેરાલ્ડીંગ ટીમના ૧૦૦ જેટલા સદસ્યો કરવાના છે.

# ગુજરાતમાં હજુ ચાર દિવસ ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં હજી ૪ દિવસ ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ઘણા સ્થળોએ છેલ્લા ૨ દિવસમાં સરેરાશ ૪થી ૧૨ ઈંચ જેટલો વરસાદ પડી ચૂક્યો છે. આવતીકાલ સુધીમાં ગુજરાત પર ડીપ ડિપ્રેશન ત્રાટકવાની તૈયારી હોવાથી આ કમોસમી વરસાદ ખેડૂતો માટે વધુ ખરાબ સાબીત થઈ શકે. ધોધમાર વરસાદની સાથે ૫૫થી ૬૫ કિમી પ્રતિકલાકની ઝડપે પવન પણ ફૂંકાશે, જેથી માછીમારોને ૫ દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ગીર સોમનાથમાં અતિભારે વરસાદ પડવાનું એલર્ટ છે. જ્યારે પોરબંદર, જૂનાગઢ, રાજકોટ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરત, ભરૂચ, અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, આણંદ, ખેડા અને વડોદરામાં ભારેથી અતિભારે વરસાદ પડશે. આજે ૩૦ ઓક્ટોબર અને આવતીકાલે ૩૧ ઓક્ટોબરના આ વિસ્તારોમાં ૪૮ કલાકમાં વધારાનો ૮ ઈંચ કે તેથી વધુ વરસાદ પડી શકે છે. કચ્છમાં છૂટા-છવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડશે. પૂર્વ મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને આજે એટલે કે, ૩૦ ઓક્ટોબર અને આવતીકાલે ૩૧ ઓક્ટોબરના રોજ મધ્યમથી ભારે વરસાદ અને સામાન્ય વાવાઝોડા થવાની શક્યતા છે.

આજે વહેલી સવારથી રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ થતાં વરાપની રાહ જોઈને બેઠેલા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ભાવનગરના મહુવામાં બે કલાકમાં બે ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. તો અમરેલી અને ઉના પંથકમાં પણ કમોસમી વરસાદ શરૂ થયો છે. અમદાવાદમાં અંધારપટ્ટ સાથે અનેક વિસ્તારોમાં ઝરમર વરસાદ વરસી રહ્યો છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ.કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી ૫ દિવસ માછીમારોને દરિયો ન ખેડવાનું સૂચના આપવામાં આવી છે અને પોર્ટ પર Lcs 3 નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. અરબી સમુદ્રમાં ડિપ્રેશનના કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે પણ અમદાવાદમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે.

# છ વર્ષ બાદ વિશ્વના બે સર્વોચ્ચ નેતાઓનું મિલન

## અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ દ.કોરીયાના બુસાન શહેરમાં મળ્યા



**મુખ્ય સમાચાર, શિઓલ**

આખરે દુનિયાએ એ દ્રશ્ય જોયું જેની તેઓ રાહ જોઈ રહ્યા હતા. ચીન અને અમેરિકાના રાષ્ટ્રપતિઓ જે એક સમયે પડદા પાછળ દુશ્મન હતા તેઓ મળ્યા છે આ મુલાકાત માત્ર બંને દેશો વચ્ચેના સંબંધો જ નહીં પરંતુ વૈશ્વિક રાજકારણનો માર્ગ પણ બદલશે. બે હરીફ રાષ્ટ્રોના સર્વોચ્ચ નેતાઓ છ વર્ષ પછી સામસામે હતા. દક્ષિણ કોરિયાના ગિમ્હે એર બેઝ પર યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિગનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. આ રાજકારણ છે જ્યાં એકબીજા સામે જોરદાર નિવદેનબાજી કર્યા પછી બંનેએ સ્મિત સાથે એકબીજાનું સ્વાગત કર્યું.બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધો અને પરસ્પર હિતના મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

આ મુલાકાત દરમિયાન, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે બંને દેશો સારા સંબંધો ધરાવે છે.અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિગની પ્રશંસા કરતા કહ્યું કે, શી એક કઠોર વાટાઘાટકાર છે.ટ્રમ્પે આશા વ્યક્ત કરી કે આ બેઠક ખૂબ જ સફળ રહેશે. તેમણે કહ્યું, તમને ફરીથી મળીને આનંદ થયો.બેઠક દરમિયાન, રાષ્ટ્રપતિ ટ્રમ્પે આજે વેપાર કરાર પર હસ્તાક્ષર થવાની શક્યતા વ્યક્ત કરી. ટ્રમ્પે કહ્યું, આજે વેપાર કરાર પર હસ્તાક્ષર થઈ શકે છે. આ નિવેદન બંને દેશો વચ્ચેના વેપાર સંબંધો માટે મહત્વપૂર્ણ છે.

રોઈટર્સના અહેવાલ મુજબ, શી જિનપિગે ટ્રમ્પને કહ્યું, અમે હંમેશા મતભેદ રાખ્યા છે, અને તે સામાન્ય છે. મોટી આર્થિક શક્તિઓ માટે વિવાદો થવા સામાન્ય છે. ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સ ભાગીદાર અને મિત્રો હોવા જોઈએ.

તેમણે કહ્યું કે વેપાર ટીમો વચ્ચે મૂળભૂત સર્વસંમતિ થઈ છે અને તેઓ બંને દેશો વચ્ચેના સંબંધો માટે મજબૂત પાયો બનાવવા માટે ટ્રમ્પ સાથે કામ કરવાનું ચાલુ રાખવા માટે તૈયાર છે.

ચીનના રાષ્ટ્રપતિએ કહ્યું, હું તમારી સાથે કામ કરવાનું ચાલુ રાખવા માટે તૈયાર છું. આપણા બંને દેશો એકબીજાને સફળ થવા અને સાથે મળીને પ્રગતિ કરવામાં સંપૂર્ણ મદદ કરી શકે છે.

# યુએસ ફેડરલ રિઝર્વે વ્યાજ દરમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૯ ઓક્ટોબરના રોજ, યુએસ ફેડરલ રિઝર્વે (યુએસ ફેડ રેટ કટ) બેન્ચમાર્ક ધિરાણ દરમાં ૨૫ બેસિસ પોઈન્ટ (૦.૨૫ ટકા)નો ઘટાડો કર્યો. એ નોંધવું યોગ્ય છે કે યુએસ ફેડ તરફથી પણ દર ઘટાડાની અપેક્ષા હતી. રાતોરાત ધિરાણ દર હવે ૩.૭૫ થી ૪ ટકાની વચ્ચે છે.

યુએસ ફેડ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાથી આગામી મહિને આરબીઆઈ દ્વારા રેપો રેટમાં ઘટાડો થવાની શક્યતા વધી ગઈ છે. નિષ્ણાતોની આગાહી છે કે આરબીઆઈ ડિસેમ્બરમાં પણ વ્યાજ દર ઘટાડી શકે છે.

સૂચકાંકો અનુસાર, યુએસમાં આર્થિક પ્રવૃત્તિ મધ્યમ ગતિએ વધી રહી છે. યુએસ સેન્ટ્રલ બેંકે જણાવ્યું છે કે આ વર્ષે રોજગાર વૃદ્ધિ ધીમી પડી છે, અને બેરોજગારી દર થોડો વધ્યો છે પરંતુ ઓગસ્ટ સુધી નીચો રહ્યો છે. તાજેતરના સૂચકાંકો આ વિકાસ સાથે સુસંગત છે. વર્ષની શરૂઆતથી ફુગાવો વધ્યો છે અને થોડો ઊંચો રહ્યો છે.

ફેડરલ રિઝર્વે માત્રાત્મક કડકતાનો અંત લાવવાનો સંકેત આપ્યો છે, જેનાથી નાણાકીય વ્યવસ્થામાં પ્રવાહિતામાં સુધારો થવાની અપેક્ષા છે. તેવી જ રીતે, સરળ ક્રેડિટ પરિસ્થિતિઓ ટેકો પૂરો પાડી શકે છે. યુએસ ફેડે જણાવ્યું હતું કે આર્થિક લ્લષ્ટિકોણ અંગે અનિતિતા ઊંચી રહે છે.

# ટેક્ષ ઓડીટ અને ઓડિટ આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની તા.૧૦ ડિસે. સુધી લંબાવાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લાંબા સમયની માંગણી બાદ સીધા કરવેરા માટેના બોર્ડ (સીબીડીટી) એ ટેક્ષ ઓડીટ કેસ અને ઓડીટ આવકવેરા રીટર્ન માટેની આખર તારીખ લંબાવી છે. ગઈકાલે બહાર પડાયેલા એક નોટીફીકેશન મુજબ ટેક્ષ ઓડીટ કેસ માટે તા.૩૧ ઓકટોબરની જે આખર તારીખ હતી તે ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે તો ઓડિટ રિપોર્ટ સુપ્રત કરવાની ડેડલાઈન તા.૧૦ નવે ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

જે અગાઉ ૩૧ ઓકટોબર ૨૦૨૫ હતી. આવકવેરા વિભાગ દ્વારા આ અંગે સોશ્યલ મીડીયા પોસ્ટમાં સીબીડીટીનો હવાલો આપીને આ માહિતી આપી હતી. જો કે વ્યાપાર ઉદ્યોગના સૂત્રોએ આ પ્રકારે ડેડલાઈન વધારાને આંશિક રાહત ગણાવી હતી. ખાસ કરીને ટ્રાન્સફર પ્રાઈસીંગ ઓડીટ અંગે





હજું ચિંતા યથાવત છે. જેને આ પ્રકારની ડેડલાઈન વધારામાં સામેલ કરવામાં આવ્યા નથી.

ખાસ કરીને આંતરરાષ્ટ્રીય વ્યાપાર કરતી કંપનીઓ માટે આ જરૂરી છે. જયારે વિદેશી કંપનીઓ ટેક્ષ ઓડિટ રિપોર્ટ હેઠળ આવતી નથી તેથી હવે આ મુદે સીધા કરવેરા બોર્ડ સમક્ષ રજુઆત થશે.

અગાઉ પંજાબ-હરિયાણા હાઈકોર્ટે આ મુદે સીબીડીટીને નોટીસ પાઠવી હતી. પરંતુ આ ડેડલાઈન વધતા હવે આ કેટેગરીના કરદાતાને રાહત થશે.

# ભારત સરકાર ખોટ કરતી વિજળી કંપનીઓને ખાનગી હાથોમાં સોંપશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત સરકાર તેની રાજ્ય વીજ વિતરણ કંપનીઓને બચાવવા માટે એક મોટી યોજના પર વિચાર કરી રહી છે. આ યોજનાનો ખર્ચ લગભગ રૂ.૧ ટ્રિલિયન (૧૨ બિલિયન) થઈ શકે છે. આ કંપનીઓ દેવામાં ડૂબેલી છે અને તેમને ભંડોળની સખત જરૂર છે. એવું માનવામાં આવે છે કે આનાથી અંબાણી અને અદાણી જેવા ઉદ્યોગપતિઓને ફાયદો થઈ શકે છે.

આ સહાય મેળવવા માટે, રાજ્યોએ કેટલીક શરતો સ્વીકારવી પડશે. રોઈટર્સના જણાવ્યા અનુસાર, ત્રણ સરકારી અધિકારીઓ અને ઉર્જા મંત્રાલય દ્વારા તૈયાર કરાયેલા દસ્તાવેજમાં જણાવાયું છે કે રાજ્યોએ કાં તો તેમની વીજ વિતરણ કંપનીઓનું ખાનગીકરણ કરવું પડશે અથવા તેમનું સંચાલન ખાનગી કંપનીઓને સોંપવું પડશે. બીજો વિકલ્પ એ છે કે તેમની કંપનીઓ પર નિયંત્રણ જાળવી રાખવું પરંતુ તેમને સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ કરવા.

આ યોજના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા એક મોટી સુધારા પહેલ છે. હાલમાં, રાજ્ય વીજ વિતરણ કંપનીઓને ખૂબ જ બિનકાર્યક્ષમ અને ભારતની ઉર્જા પ્રણાલીમાં સૌથી નબળી કડી માનવામાં આવે છે. બે સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે ઉર્જા મંત્રાલય અને નાણા મંત્રાલય આ યોજનાની અંતિમ વિગતો પર ચર્ચા કરી રહ્યા છે. ફેબ્રુઆરીમાં આવતા બજેટમાં આની જાહેરાત થવાની અપેક્ષા છે.

દરખાસ્ત મુજબ, રાજ્યોએ ખાતરી કરવી પડશે કે તેમના કુલ વીજળી વપરાશના ઓછામાં ઓછા ૨૦% ખાનગી કંપનીઓ દ્વારા પૂર્ણ થાય. વધુમાં, રાજ્યોએ આ વિતરણ કંપનીઓના દેવાના બોજનો થોડો ભાગ ઉઠાવવો પડશે. આ હાંસલ કરવા માટે, રાજ્યો પાસે તેમના વિતરણ કામગીરીનું ખાનગીકરણ કરવા અને હાલના દેવાની ચુકવણી માટે લોન મેળવવા માટે બે વિકલ્પો છે.

# જુનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાને મળી મારી નાખવાની ધમકી

## વોટ્સએપ કોલ પર ગાળો ભાંડી ૩૦ લાખની ખંડણી માંગી



**મુખ્ય સમાચાર, જુનાગઢ**

જુનાગઢના રહીશ એવા જુનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાને ગત તા.૨૬/૧૦થી આજ દિન સુધી ૫ દિવસમાં વોટસએપ મોબાઈલ દ્વારા કોઈ શખ્સે જુદા જુદા મોબાઈલ નંબર ઉપરથી ધમકીઓ આપી ગાળો ભાંડી રૂા.૩૦ લાખની ખંડણીની માંગણી બાદ રૂા.૫ લાખનું આંગડીયુ કરી દેવાનું જણાવી નાણા નહિં મોકલે તો પરિવારને પતાવી દેવાની ધમકી આપ્યાની ફરીયાદ બી ડીવીઝન પોલીસમાં ધારાસભ્યએ નોંધાવી છે. આ ઘટનાથી ભારે ચકચાર જાગી છે.

આ અંગેની બી ડીવીઝન પોલીસમાંથી મળતી વિગત મુજબ ઝાંઝરડા રોડ સિધ્ધનાથ મંદિર સામે વ્રજધામ સોસાયટી 'સ્વર્ગ' બંગલામાં રહેતા ભાજપના ધારાસભ્ય સંજયભાઈ કૃષ્ણદાસ કોરડીયા (ઉ.૫૪)ને ગત તા.૨૬-૧૦-૨૫ના રોજ વોટસએપ મોબાઈલ નંબર +૨૪૩૯૯ ૩૦૩૩૧૨૮ તથા મો.નં. +૨૪-૩૯૮૯૩૭૯૮૬૭ માંથી અપશબ્દો ભુંડીગાળોના મેસેજ કરી પ્રથમ રૂા.૩૦ લાખની માંગણી કરી હતી. બાદ રૂા.૫ લાખની ખંડણીની માંગણી કરી હતી. આ ખંડણીની રકમ રોનક ઠાકુર મો.૮૮૪૯૯ ૩૫૧૫૬ અમદાવાદ નામે કુરીયર મોકલી આપવાનું જણાવેલ હતું.

જો આ ૫ લાખની ખંડણી નહીં મોકલે તો તેના પરિવારને જાનથી મારી નાખશે તેવી ધમકીઓ આપ્યાની ફરીયાદ ગઈકાલે રાત્રીના ૮-૨૦ કલાકે બી ડીવીઝન પોલીસમાં નોંધાવતા બી ડીવીઝન પીઆઈ એ.બી. ગોહીલે તપાસ હાથ ધરી છે. આ મામલો ગૃહ વિભાગ સુધી પણ પહોંચ્યો છે. દરમ્યાન ધારાસભ્ય આ મામલે સાંજે પત્રકાર પરિષદ યોજનાર હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં વખતોવખત રાજકીય નેતાઓ, આગેવાનો તથા સેલીબ્રીટીઓને વોટસએપ કોલ પર ધમકી આપીને ખંડણી માંગવાના અનેક કેસો નોંધાતા રહ્યા છે.

આ સિવાય સાઈબર ફ્રોડના કિસ્સાઓ પણ વધી રહ્યા છે. ખોટા વિડીયો કલીપમાં ફસાવીને નાણા પડાવવાના પણ બનાવો બનતા હોય છે તેવા સમયે જુનાગઢના ધારાસભ્યને ધમકી ભર્યા ફોન મારફત ખંડણીના આ કિસ્સાથી રાજકીય સનસનાટી સર્જાઈ છે.

# ડ્રગ્સ માફિયાઓ વિરૂધ્ધ બ્રાઝિલ પોલીસની મોટી કાર્યવાહીઃ ૧૩૨ને ઠાર મરાયા



**મુખ્ય સમાચાર, રિયો ડી જાનેરો**

બ્રાઝિલમાં પોલીસે એક મોટું અભિયાન ચલાવ્યું છે, જે અંતર્ગત રિયો ડી જાનેરોમાં અત્યાર સુધીમાં ડ્રગ ગેંગના ૧૩૨ લોકોને ઠાર મારવ-ામાં આવ્યા છે. રાજ્ય પોલીસે સ્પષ્ટતા કરી કે આ કાર્યવાહી એક મોટી ડ્રગ ગેંગને નિશાન બનાવવા માટે બે મહિના પહેલાથી જ આયોજિત હતી. જોકે, સ્થાનિક લોકોએ પોલીસ પર નરસંહાર કરવાનો આરોપ લગાવ્યો છે.

રિયો ડી જાનેરોના બહારના વિસ્તારમાં એક ચાર રસ્તા પરના ફૂટપાથ પર, આ મૃતદેહોને એક જ કતારમાં રાખવામાં આવ્યા હતા. નિવાસીઓએ જણાવ્યું કે, તેમના સંબંધીઓ દ્વારા ઓળખ થઈ શકે તે માટે ઘણા મૃતદેહોના અન્ડરવેર સુધી ઉતારી દેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના મૃતદેહોને ચાદરોથી ઢાંકી દેવામાં આવ્યા હતા.

બ્રાઝિલની રાજ્ય પોલીસે જણાવ્યું કે, એક મોટી ડ્રગ ગેંગને ખતમ કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવેલી આ કાર્યવાહીનું આયોજન બે મહિનાથી વધુ સમયથી ચાલી રહ્યું હતું. આ પ્લાનિંગનો ઉદ્દેશ્ય શંકાસ્પદોને જંગલી પહાડી વિસ્તારમાં લઈ જવાનો હતો, જ્યાં તેમને રોકવા માટે એક વિશેષ ઓપરેશન યુનિટ તૈનાત કરવામાં આવ્યું હતું.

જોકે, આ મોટા પાયે કરવામાં આવેલું અભિયાન કેવી રીતે આગળ વધ્યું અને મૃતકોમાં સામાન્ય નાગરિકો પણ સામેલ હતા કે નહીં તે અંગે હજુ પણ અનિશ્ચિતતા જળવાઈ રહી છે. બાદમાં એક અધિકારીએ સ્વીકાર્યું કે આ અભિયાન ટોચના ગેંગ નેતાને પકડવાના તેના મુખ્ય લક્ષ્યમાં સફળ થઈ શક્યું નથી.

# મોરબી જલારામ ધામ ખાતે પૂજ્ય જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિ ભક્તિભાવપૂર્વક ઉજવાઈ

## લોહાણા સમાજના ૨૨૬ વડીલોની વંદના સાથે માનવસેવાનું અનોખું આયોજન







**મુખ્ય સમાચાર, મોરબી**


મોરબી શ્રી જલારામ ધામ ખાતે પૂ. જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિ નિમિતે સપ્તવિધ ધાર્મિક કાર્યક્રમો, અન્નકુટ દર્શન, મહાઆરતી, મહાપ્રસાદ તથા લોહાણા સમાજના ૨૨૬ વડીલોની વંદના સહ ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. અતિથિ વિશેષમાં હોસ્પીટલના મહિલા નર્સિંગ સ્ટાફના હસ્તે કેક કટીંગ કરવામાં આવી હતી તથા જલારામ ધામને સ્વ. કેશવલાલ ચંડીભમર પરિવાર તરફથી એમ્બ્યુલન્સ અર્પણ કરાઈ હતી.

મોરબી શ્રી જલારામ ધામ ખાતે પૂજ્ય સંત શિરોમણી શ્રી જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિ ભક્તિભાવ પૂર્વક સપ્તવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ઉજવાઈ હતી. આ અવસરે સવારે પ્રભાતફેરી અને પ્રભાતધૂનથી શરૂઆત થઈ હતી. ત્યારબાદ અન્નકુટ દર્શન, મહાઆરતી, મહાપ્રસાદ, પૂજન અને લોહાણા સમાજના વડીલ વંદના કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષે જેમ, પ્રવર્તમાન વર્ષે પણ ખાસ શ્રેણીના ''વિશેષ અતિથિઓ'' દ્વારા જલારામ ધામ ખાતે કેક કટીંગ કરાવવામાં આવ્યું હતું. આ વર્ષે મોરબીની વિવિધ હોસ્પિટલોના મહિલા નર્સિંગ સ્ટાફને અતિથી વિશેષ તરીકે આમંત્રીત કરવામાં આવ્યા હતા, જેમના હસ્તે પૂ. જલારામ બાપાની જન્મજયંતિનું કેક કટીંગ કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે મોરબી શ્રી જલારામ ધામ છેલ્લા ૧૪ વર્ષથી વિશેષ લોકોના હસ્તે કેક કટીંગની અનોખી પરંપરા જાળવી રાખી છે, જેમાં અત્યાર સુધી મનોવિકલાંગ બાળકો, શહીદ પરિવારો, વૃદ્ધાશ્રમના વડીલો, કીન્નરો, મહિલા ટ્રાફિક બ્રિગેડ, ફાયર બ્રિગેડના જવાનો અને અન્ય સમાજના પ્રતિનિધિઓએ ભાગ લીધો છે. પૂ. જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિ નિમિતે સ્વ. કેશવલાલ પરસોતમભાઈ ચંડીભમર પરિવાર (હ.માલતીબેન પરસોતમભાઈ ચંડીભમર) દ્વારા જલારામ ધામને લોકસેવા હેતુસર નવી એમ્બ્યુલન્સ અર્પણ કરવામાં આવી હતી. બપોરે ૪ કલાકે શ્રી લોહાણા મહાજન-મોરબી તથા સંલગ્ન સંસ્થાઓ જેમ કે શ્રી રઘુવીર સેના સાર્વજનિક ટ્રસ્ટ, શ્રી લોહાણા વિદ્યોતેજક ફંડ, શ્રી જલારામ સેવા મંડળ, શ્રી જલારામ ધામ મહિલા મંડળ અને શ્રી જલારામ વેવિશાળ માહિતી કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે ''વડીલ વંદના'' કાર્યક્રમ યોજાયો હતો, જેમાં લોહાણા સમાજના કુલ ૨૨૬ વડીલોને વંદના અર્પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમ્યાન છેલ્લા એક મહિનામાં અવસાન પામેલા લોહાણા સમાજના ૧૨ વડીલોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે રાજ્યસભાના સાંસદ અને વાંકાનેરના મહારાજા કેશરીદેવસિંહજી ઝાલા, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના સંસ્થાપક સ્વ. રસિકલાલ અનડકટના પુત્ર કેયુરભાઈ અનડકટ, વિધાનસભા વિરોધ પક્ષના નેતા તુષારભાઈ ચૌધરી, કોંગ્રેસ અધ્યક્ષ અમિતભાઈ ચાવડા, ધારા-સભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, પૂર્વ રાજ્ય મંત્રી બ્રિજેશભાઈ મેરજા, ભાજપ પ્રમુખ જયંતિભાઈ રાજકોટીયા, પૂર્વ ધારાસભ્ય લલીતભાઈ કગથરા, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કીશોરભાઈ ચીખલીયા સહિત અનેક રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી મનપા દ્વારા સરદાર પટેલ જયંતિ નિમિતે વિવિધ કાર્યક્રમોનું આયોજન






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જયંતિ નિમિતે મોરબી મહાનગરપાલિકા દ્વારા ૩૧ ઓક્ટોબરે ફૂલહાર અર્પણ કાર્યક્રમ અને વિદ્યાર્થીઓ માટે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. યુવાઓમાં દેશપ્રેમ અને એકતાનો સંદેશ ફેલાવવા હેતુસર આ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા ભારતના એકતા અને અખંડિતતાના પ્રતીક, લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જયંતિ નિમિતે શુક્રવાર, તા. ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સરદાર પટેલના અવિસ્મરણીય યોગદાનને સ્મરણ કરી, તેમના વિચારો અને સંદેશાને યુવાનો સુધી પહોંચાડવાનો આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ છે. કાર્યક્રમની શરૂઆત સવારે ૯૦૦ વાગ્યે નવા બસ સ્ટેન્ડ સામે સ્થિત સરદાર પટેલજીની પ્રતિમાને ફૂલહાર માળા અર્પણથી કરવામાં આવશે. શહેરના વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ નાગરિકો આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

ત્યારબાદ સવારે ૯૩૦ વાગ્યે શક્તિ ચોક ખાતે ''એકતા ક્વિઝ સ્પર્ધા''નું આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધામાં મોરબી શહેરની તમામ શાળાઓના ધોરણ ૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. દરેક શાળામાંથી ચાર વિદ્યાર્થીઓની એક ટીમ તરીકે ભાગ લેવાશે. વિજેતા ટીમને મોરબી મહાનગરપાલિકા તરફથી રૂ. ૨૫૦૦/- ની રોકડ રકમ પુરસ્કારરૂપે એનાયત કરવામાં આવશે. રસ ધરાવતી શાળાઓએ પોતાની નોંધણી માટે મોરબી મહાનગરપાલિકાની રમતગમત શાખા સાથે સંપર્ક કરવો રહેશે. નોંધણી માટે સંપર્ક નંબર ૭૭૭૮૮૦૪૫૬૮ જાહેર કરવામાં આવ્યો છે.

# મોરબીના રફાળેશ્વર નજીક ટ્રકની હડફેટે મોટરસાયકલ સવાર બે યુવકોના મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રફાળેશ્વર ચોકડીથી જાંબુડીયા ઓવરબ્રિઝ સર્વિસ રોડ પર ટ્રક અને મોટરસાયકલ વચ્ચે ભયાનક અકસ્માત થયો હતો. જેમાં બેકાબુ ટ્રકે સામેથી આવતા ડબલ સવારી મોટરસાયકલને હડફેટે લેતા બન્ને યુવકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મોરબી તાલુકાના રફાળેશ્વર ચોકડીથી જાંબુડીયા ઓવરબ્રીજ વચ્ચેના સર્વિસ રોડ પર તા. ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ના રાત્રે માર્ગ અકસ્માતની ઘટના બની હતી. જે બનાવ અંગે ફરીયાદી મનીષભાઈ દિતીયાભાઈ ગોયલ ઉવ.૨૮ રહે. એક્તા કેમિકલ લેબર કોલોની મહેન્દ્રનગર ચોકડી મોરબી વાળાએ તાલુકા પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે તેમના ઓળખીતાઓ શંકરભાઈ તથા કરણસિંહ બંને બજાજ કંપનીની મોટરસાયકલ રજી.નં. એમપી-૪૫-ઝેડએફ-૯૬૨૯ લઈને રફાળેશ્વર ચોકડી તરફથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે સામેની તરફથી આવતા ટ્રક નંબર જીજે-૦૩-બીવાય-૮૪૩૧ ના ચાલકે પુરઝડપે અને બેદરકારીથી ટ્રક હંકારતા મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે શંકરભાઈ તથા કરણસિંહને માથા તથા શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં બંનેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવની જાણ બાદ પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને મૃતદેહોને મોરબી સિવિલ હોસ્પિટલમાં ખસેડી પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા. હાલ તાલુકા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના માટેલ ગામે રહેણાંક પાસે પાર્ક કરેલ બાઈકની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના માટેલ ગામે આવેલ ખોડિયાર સોસાયટીમાં રહેણાંક મકાન નજીક પાર્ક કરેલ મોટર સાયકલ કોઈ અજાણ્યા વાહન ચોર ચોરી કરી લઈ ગયા અંગે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા આરોપી વિરુદ્ધ બીએનએસ કલમ ૩૦૩ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ સોમસર જી.સુ.નગરના વતની હાલ વાંકાનેર તાલુકાના ઢુંવા ગામે રહેતા જયદીપભાઈ દિનેશભાઈ ગાંગરીયા ઉવ.૨૪એ પોતાનું હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્રો રજી.નં. જીજે-૧૩-એસએસ-૧૨૯૦ વાળું મોટર સાયકલ ગઈ તા.૨૩/૧૦ના રોજ તેના મિત્ર અનિલભાઈ ચમનભાઈ સાપરા રહે. માટેલ ગામ ખોડિયાર સોસાયટી તા.વાંકાનેર વાળાને આપ્યું હતું,

જે મોટરસાયકલ અનિલભાઈએ પોતાના રહેણાંક મકાન બહાર પાર્ક કર્યું હતું, જે મોટર સાયકલ બીજે દિવસે સવારના પાર્ક કરેલ જગ્યાએ જોવામાં ન આવતા, ફરિયાદી જયદીપભાઈ અને અનિલભાઈએ ઉપરોક્ત મોટરસાયકલ અંગે આજુબાજુ તથા ગામમાં શોધખોળ કરતા નહિ મળી આવતા, મોટર સાયકલ ચોરી અંગે પ્રથમ ઇ-એફઆઈઆર નોંધાવ્યા બાદ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચોર સામે ગુનો નોંધી આગળની તજવીજ હાથ ધરી છે.

# મોરબીમાં વીજટ્રાંસફોર્મરની ચોરી કરવાને ઈરાદે ઓઈલ ઢોળી નુકસાની કરનાર સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી વેજીટેબલ રોડ પર આવેલી પી.જી.વી.સી.એલ. ઓફિસના ગ્રાઉન્ડમાં રાખવામાં આવેલ વીજટ્રાંસફોર્મરમાંથી મેટલ પાર્ટ ખોલી ચોરી કરવાના ઈરાદે ૪૧૦ લીટર ઓઈલ ઢોળી નુકસાની કરનાર ઈસમ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

મોરબી શહેરના વેજીટેબલ રોડ પર આવેલી મોરબી વિભાગીય કચેરી-૧ પી.જી.વી.સી.એલ.ની ઓફીસના ગ્રાઉન્ડમાં વીજટ્રાંસફોર્મરમાં તોડફોડ કરી ચોરી કરવાનો પ્રયાસ કરનાર વ્યક્તિ સામે ફરિયાદ નોંધાઈ છે. જેમાં જુનિયર એન્જીનીયર તરીકે ફરજ બજાવતા ભાવેશકુમાર રામજીભાઈ કુંડારીયા ઉવ.૪૧ રહે. મીલાપનગર સોસાયટી અવની ચોકડી મોરબી વાળાએ બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી વલ્લભભાઈ સવસીભાઈ કુંઢીયા ઉવ.૪૦ રહે.ભીમસર ત્રણ માળીયા વેજીટેબલ રોડ મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, આરોપી વલ્લભભાઈ સવસીભાઈ કુંઢીયાએ ચોરી કરવાને ઈરાદે ગત તા ૨૯/૧૦ ની રાત્રીએ મોરબી વિભાગીય કચેરી-૧ પીજીવીસીએલ ઓફિસના ગ્રાઉન્ડમાં રાખવામાં આવેલ ૪૪ વીજ ટ્રાન્સફોર્મરમાંથી પીતળના નટ-બોલ્ટ અને મેટલ પાર્ટ્સ ખોલી એક જગ્યાએ ભેગા કરેલ હતા. અને વીજટ્રાંસફોર્મરમાંથી આશરે ૪૧૦ લીટર ઓઈલ કિ.રૂ.૫૩,૦૦૦/- ઢોળી નુકસાની કરવામાં આવી હતી. હાલ બી ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# ધ્રોલ ખાતે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને ધ્રોલ પ્રાંત અધિકારીની કચેરી ખાતે ધ્રોલ તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. તાલુકા સ્વાગતમાં આવેલ ૨૯ અરજીઓ પૈકી ૨૪ અરજીઓનો સ્થળ પર જ ત્વરિત નિકાલ કરી અરજદારોની સમસ્યા તથા પ્રશ્નોનું નિરાકરણ લવાયું હતું.ધ્રોલ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અરજદારોના પ્રશ્નોને જિલ્લા કલેકટરશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા. ઉપરાંત વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ચોક્કસ સમય મર્યાદામાં પ્રશ્નોના નિકાલ લાવવા સૂચના આપી હતી. સાથે સાથે જ્યાં જરૂર જણાઈ ત્યાં વિભાગોનું અરસ પરસ સંકલન કરી અરજદારનો પ્રશ્ન ઝડપથી હલ થાય તે પ્રકારે કામગીરી કરવા લગત અધિકારીઓને જણાવ્યું હતું.

આ સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે મહેસુલ વિભાગ, પંચાયત, નગરપાલિકા તથા સિંચાઈ વિભાગને લગત પ્રશ્નો અરજદારો દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. જેનું સ્થળ પર જ હકારાત્મક નિરાકરણ આવતા અરજદારોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમમાં ધ્રોલ પ્રાંત અધિકારી સ્વપ્નિલ સિસલે, મામલતદાર તથા લગત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં કોંગ્રેસની રેલીમાં ભ્રષ્ટાચાર, મોંઘવારી અને સિરામિક ઉદ્યોગની સમસ્યાઓ સામે આક્રોશ





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના પંચાસર રોડ પર કોંગ્રેસ દ્વારા જન આક્રોશ સભાનું આયોજન કરી ખેડૂતો, સિરામિક ઉદ્યોગ અને મોંઘવારી જેવા જનજીવનને અસર કરતા મુદ્દાઓ પર ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો હતો. સભામાં મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનાના ૧૩૫ મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ અને ભાજપ પર ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. કોંગ્રેસના નેતાઓએ કાર્યકરોને આવનારી ચૂંટણીમાં પ્રચંડ વિજય માટેની સુનિશ્ચિત તૈયારી કરવા કહેવામાં આવ્યું હતું.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા દ્વારા ઝૂલતા પુલ દુર્ઘટના પીડિતોને શ્રદ્ધાંજલિ અપાઈ

મોરબીના પંચાસર રોડ ઉપર કોંગ્રેસ દ્વારા ''જન આક્રોશ સભા''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં મોરબી અને આસપાસના વિસ્તારોના હજારો લોકો ઉપસ્થિત રહ્યા હતા. સભાનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોને પડતી મુશ્કેલીઓ, સિરામિક ઉદ્યોગની હાલત અને વધતી મોંઘવારી જેવા લોકજીવનને અસર કરતા મુદ્દાઓને ઉઠાવવાનો હતો. સભાની શરૂઆત મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનાના ૧૩૫ નિર્દોષ જીવ ગુમાવનારા પીડિતોને શ્રદ્ધાંજલિ અર્પણથી કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતાઓએ દુર્ઘટનાને ''ભ્રષ્ટાચાર કમિશન રાજ''નું પરિણામ ગણાવ્યું હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે આ દુર્ઘટના માટે મોરબી નગરપાલિકાના ૫૨(બાવન) કાઉન્સિલરો જવાબદાર હોવા છતાં આજ સુધી કોઈ સખ્ત કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે કહ્યું કે ''એકાદ બે લોકોને સજા થવાથી ન્યાય નહીં મળે; સાચો ન્યાય ત્યારે જ થશે જ્યારે દરેક જવાબદારને કડક સજા થશે.'' ચાવડાએ ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે દુર્ઘટનાની વેળાએ ભાજપના નેતાઓએ ''મગરના આંસુ'' સાર્યા હતા અને ''ચમરબંધીને પણ નહીં છોડવાની'' વાતો કરી હતી, પરંતુ ત્રણ વર્ષ બાદ પણ પીડિત પરિવારોને ન્યાય મળ્યો નથી.

સભામાં સિરામિક ઉદ્યોગના પ્રશ્નો પણ ઉઠાવાયા હતા. કોંગ્રેસે ઉદ્યોગકારો વતી માંગણી કરી કે ટાઈલ્સ પર લાગતો જીએસટી ૧૮%માંથી ઘટાડીને ૫% કરવામાં આવે. અમિત ચાવડાએ ઉલ્લેખ કર્યો કે ''રાજસ્થાનમાં માર્બલ ઉપર ૫% જીએસટી હોઈ શકે છે, તો ગુજરાતમાં સિરામિક ઉદ્યોગ માટે આવું કેમ નહીં?'' તેમણે વીજળીના ઊંચા બિલ, મોંઘા ગેસ અને કાચામાલના વધેલા ભાવને કારણે ઉદ્યોગકારો પર પડતી આર્થિક મુશ્કેલીઓ અંગે સરકારને ચેતવણી આપી હતી. સભામાં ભ્રષ્ટાચાર, કાયદો અને વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિ, ખેડૂતોના પ્રશ્નો અને વહીવટના ખાડામાં ગયેલા પ્રબંધ અંગે પણ તીખી ટીકા કરવામાં આવી હતી. જન આક્રોશ સભામાં બહોળી સંખ્યામાં નાગરિકો અને કાર્યકરો હાજર રહ્યા હતા. નોંધનીય છે કે આ સભામાં ''આપ'' અને ''ભાજપ''ના કેટલાક સભ્યોએ કોંગ્રેસમાં જોડાઈ નવી રાજકીય હલચલ ઉભી કરી હતી.

સભામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિક, વિધાનસભા વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરી, પૂર્વ ધારાસભ્ય લલિત કગથરા, ધારા-સભ્ય મહમદ જાવીદ પીરજાદા, જીવણભાઈ કુંભરવાડિયા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોર ચીખલીયા, શહેર કોંગ્રેસ પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજા, મોરબી તાલુકા પ્રમુખ વિજય કોટડીયા, માળીયા પ્રમુખ સંદીપ કાલરીયા, મહિલા કોંગ્રેસ પ્રમુખ દમયંતિબેન નિરંજની તથા જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સભાના અંતે કોંગ્રેસના નેતાઓએ કાર્યકરોને આવનારી ચૂંટણી માટે એકજુટ થઈ ''જનહિતના લડત'' માટે મેદાનમાં ઉતરવાની હાકલ કરી હતી.

# જામનગર NCC કેડેટ્સ દ્વારા ડ્રગ ફ્રી ઈન્ડિયા' રેલીનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરે રેલીનું પ્રસ્થાન કરાવ્ય.જામનગર, ૨૭ ગુજરાત બટાલિયન એન.સી.સી. અને જામનગર જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે NCC કેડેટ્સ દ્વારા નશામુક્ત અભિયાન અંતર્ગત સત્યસાઈ સ્કુલ ખાતેથી 'ડ્રગ ફ્રી ઈન્ડિયા' રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરે રેલીનું પ્રસ્થાન કરાવી કેડેટ્સને નશામુક્ત જાગૃતિ સંદેશ ફેલાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ હાલ સત્યસાંઈ સ્કુલ ખાતે ચાલી રહેલા NCC કેડેટ્સ કેમ્પ વિષે પણ કલેકટરએ કેડેટ્સ સાથે ચર્ચા કરી હતી. આશરે ૪૦૦ એનસીસી કેડેટ્સ દ્વારા સત્યસાંઈ સ્કુલ થી સેવા સદન થઈ સત્યસાઈ સ્કુલ સુધી રેલીનું આયોજન કરી, વિવિધ સ્લોગનોના માધ્યમથી ડ્રગ ફ્રી રાષ્ટ્રનો સંદેશ ફેલાવવામાં આવ્યો હતો. આ રેલીનો હેતુ યુવાનોમાં વ્યસનના દુરૂપયોગ વિશે જાગૃતિ લાવવા અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો હતો.આ કાર્યક્રમમાં કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનન્ટ કર્નલ શોભા નાયર, એડમિરલ ઓફિસર લેફ્ટનન્ટ કર્નલ સચિન કૌશલ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી આર.જે.શિયાર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એચ.એમ.રામાણી સહીતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના સાપર ગામે બેકાબુ ડમ્પરે ચાર રીક્ષા તથા રાહદારીઓને હડફેટે લીધા, બેનાં મોત, અનેક ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના સાપર ગામની સીમમાં પાવડીયાળી કેનાલ નજીક માર્કેટમાં બપોરના સમયે બેકાબુ ડમ્પરે રીક્ષાઓ તથા રાહદારીઓને હડફેટે લીધા હતા, આ બનાવમાં બે લોકોના મોત થયા જ્યારે એક બાળક સહિત ચાર લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. આરોપી ડમ્પર-ચાલક અકસ્માત બાદ પોતાના હવાલા વાળું વાહન મુકી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. હાલ તાલુકા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

મોરબી તાલુકાના સાપર ગામની સીમમાં, પાવળીયારી કેનાલ પાસે એક્ષોલી સિરામિક કારખાના સામે આવેલ માર્ગ ઉપર તા.૨૧ ઓક્ટોબર ૨૦૨૫ના બપોરે ભયાનક અકસ્માત બન્યો હતો. ગુનાના આરોપી ટ્રક ડમ્પર નંબર જીજે-૨૩-એક્સ-૧૦૯૪ના ચાલકે પોતાનું વાહન વધુ ઝડપ અને બેદરકારીથી હંકારતા સાઈડમાં પાર્ક કરેલી અનેક રીક્ષાઓ તથા રોડની સાઈડમાં ઉભેલા રાહદારીઓને હડફેટે લીધા હતા. આ ઘટનામાં ફરીયાદી ઈમરાનશા અહેમદશા શાહમદાર, વાવડી રોડ ગણેશનગર સોસાયટી મોરબી વાળાએ ફરિયાદમાં જાહેર કર્યું કે, અકસ્માતમાં તેની પોતાની સીએનજી રીક્ષા જીજે-૩૬-ડબલ્યુ-૨૨૭૬, તેમજ અન્ય ત્રણ રીક્ષા જીજે-૩૬-યુ-૦૦૧૦, જીજે-૩૬-ડબલ્યુ-૦૧૭૫ અને જીજે-૩૬-યુ-૯૭૯૬નો બુકડો બોલાવી નુકસાન થયું હતું. આ ઉપરાંત બેકાબુ ડમ્પર રોડની સાઈડમાં ઉભેલા રાહદારીઓ મનોજ ધનેશ્વર ગોપ અને સુનિલ ગુમાનસિંહ અમલીયારને હડફેટે લેતા બંનેનાં ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે સાહીલ મેમણ, હુશેન મુલતાની, તથા બાળક રાજેશ સુનિલને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ ટ્રકનો ચાલક પોતાનું વાહન મુકીને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. હાલ આ મામલે મોરબી તાલુકા પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# ઉનાના ફેર પ્રાઈઝ શોપ એસોશીએશન દ્વારા તેમની લાંબા સમયથી પડતર માંગણીઓને લઈને મામલતદારને રજૂઆત



## નવેમ્બર-૨૦૨૫ના માસ માટે જથ્થાના ચલણ નહીં ભરવા તથા એક નવેમ્બર-૨૦૨૫થી વિતરણ નહીં કરવા આવેદનપત્ર પાઠવ્યુ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના ફેરપ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા, આજે મામલતદાર ને શું રજૂઆત કરી આવો જાણીએ કે અમારા રાજ્ય એસોસિએશન દ્વારા ગુજરાત સરકાર પુરવઠા મંત્રી અને સંબંધિત અધિકારીઓનેઅમારી વર્ષો જૂની અને ગંભીર પડતર માંગણીઓ અંગે વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. જ્યારે આ રજૂઆતોમાં કમિશન દરમાં વધારો, ઈ પ્રોફાઈલમા તકેદારી સહાયકનો ઊમેરો, સિંગલ ફિંગર પ્રિન્ટ દ્વારા બે બીલ બને, સમિતિના સભ્યોના ૮૦% બાયોમેટ્રિક વેરિફિકેશનનો પરિપત્ર રદ કરવા, સમયસર કમિશનની ચુકવણી, અને ટેકિન્કલ તથા વહીવટી પ્રશ્નોના નિરાકરણ જેવી મુખ્ય માંગણીઓનો સમાવેશ થાય છે.

ત્યારે આટલા લાંબા સમયથી કરેલી રજૂઆતો છતાં, અમારી માંગણીઓનો સંતોષકારક કે લેખિત પ્રત્યુત્તર મળેલ નથી. આથી, ગુજરાત રાજ્યના બન્ને સંગઠનો ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન અને ગુજરાત ફેર પ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર્સ એસોસિએશન દ્વારા સંયુક્ત રીતે નિર્ણય લેવામાંઆવ્યો છે કે, અમારી પડતર માંગણીઓનું તાત્કાલિક નિરાકરણ ન આવે તો નાછૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી મામલતદારને ચીમકી આપી છે.

# સોમવારે જીવનનગરના મહાદેવ ધામમાં તુલસી વિવાહનું ભવ્ય આયોજન

## રવિવારે સાંજે પાંચ કલાકે મંડપારોપણઃ લગ્ન સમારોહના શ્રૃંગાર જરૂરિયાતમંદ પરિવારોને આપવામાં આવશેઃ ધર્મપ્રેમી જનતાને ભાગ લેવા અનુરોધ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦, જાગત નાગરીક મંડળ, રામે વર મહાદેવ મંદિર સમિતિ, મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૩ નવેમ્બરે મહાદેવ ધામના પટાંગણમાં ભવ્ય તુલસી વિવાહનો સમારોહ યોજવામાં આવ્યો છે. ભગવાનના લગ્નનો સમારોહ યોજી તેમાં આવેલી ભેટ સોગાદો શ્રૃંગાર જરૂરીયાતમંદ પરિવારોમાં આપવામાં આવશે.

મંદિર સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ અને વિનોદરાય ભટ્ટની સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે, પ્રતિ વર્ષની જેમ આ વર્ષે મંદિરમાં તુલસી વિવાહનો ભવ્ય સમારોહ યોજવામાં આવ્યો છે. રવિવાર તા. ૨જીએ સાંજે પાંચ કલાકે મંડપા રોપણ વિધિ, સાંજીના ગીતો સહિત ધાર્મિક આયોજન છે. તા. ૩જી સોમવાર સાંજે પાંચ કલાકે ભગવાન ઠાકોરજીના લગ્ન સમારોહ તુલસી વિવાહ ધામધૂમથી ઉજવાશે. કન્યા જાન પક્ષ સહિત કાર્યક્રમો ઉપરાંત ઠાકોરજીનું સ્વાગત નાની દીકરીઓ દ્વારા કરવામાં આવશે. આ મંદિરમાં ગ્રામ્ય વિસ્તારના લોકો ખાસ હાજરી આપે છે. સામૈયામાં ભાગીદાર બને છે. આનંદ ઉલ્લાસથી ધાર્મિક ગીતોની રમઝટ બોલાવવામાં આવે છે. ધાર્મિક નયનરમ્ય વાતાવરણ ઉભું થાય છે. આખો દિવસ મંદિરની પ્રદક્ષિણા, પૂજાવિધિ રાખવામાં આવે છે. રૈયા રોડ વિસ્તારનું આ મંદિર માનવમંદિર માનવામાં આવે છે.

ભગવાનના લગ્ન સમારોહમાં હાજરી આપશે તેમાં સાંસદ પરસોતમભાઈ રૂપાલા, મેયર નયનાબેન પેઢડીયા, અંજલિબેન રૂપાણી, દંડક મનિષભાઈ રાડીયા, નગરસેવકો, નિરૂભા વાઘેલા, ચેતનભાઈ સુરેજા, જયોત્સનાબેન ટીલાળા, ડો. રાજેશ્રીબેન ડોડીયા, પૂર્વ કોર્પોરેટર પરેશભાઈ હુંબલ, અ વીનભાઈ ભોરણીયા, પ્રભારી રઘુભાઈ ધોળકિયા, વોર્ડ પ્રમુખ જયેશભાઈ ચોવટીયા, શહેર ભાજપના વિજયભાઈ પાડલીયા, હરેશભાઈ કાનાણી, વોર્ડ ઉપપ્રમુખ મેહુલભાઈ નથવાણી, રત્નદીપસિંહ જાડેજા અને વોર્ડના હોદેદારો હાજરી આપવાના છે. સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ તિરૂપતિ નગર, બ્રહ્મસમાજ, જીવનજ્યોત, અમતા, અમિ પાર્ક, રાવલ નગર, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સહિત સોસાયટીઓના રહીશો માટે ખાસ વ્યવસ્થા ગોઠવી છે. તુલસી વિવાહની તૈયારી સુનિતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડીયા, યોગીતાબેન જોબનપુત્રા, ભક્તિબેન ખખ્ખર, કિર્તીબેન કગથરા, ભારતીબેને ગંગદેવ, હર્ષાબેન પંડયા, આશાબેન મજેઠીયા, ભારતીબેન રાવલ, પ્રફુલાબેન બોરીચા, ભદ્રાબેન ગોહેલ, નેહાબેન મહેતા, જીગીશાબેન રાવલ, સમિતિના જીનુભાઈ ભટ્ટ, કેતનભાઈ મકવાણા, વિપુલભાઈ પંડયા, અંકલેશ ગોહિલ, પાર્થ ગોહેલ સહિત કાર્યકરો જહેમત ઉઠાવે છે. આ સમારોહ જીવનનગર શેરી નં. ૪, બ્રહ્મસમાજ સામે, રૈયા રોડ ખાતે યોજાશે.

# રાજકોટ રેલવે ડિવિઝનની મોટી સિદ્ધિઃ ખંભાળિયા રેલવે કોલોનીમાં પાણી ભરાવાની લાંબા ગાળાની સમસ્યાનું કાયમી નિરાકરણ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રેલવે ડિવિઝનના ખંભાળિયા સ્ટેશન ખાતેની રેલવે કોલોનીમાં છેલ્લાં ૧૦-૧૫ વર્ષથી સતત પાણી ભરાવાની સમસ્યા (જળભરાવ) રહેતી હતી. દર વર્ષે ચોમાસા દરમિયાન કોલોનીના ક્વાર્ટર્સમાં પાણી ભરાઈ જવાથી રહેવાસીઓને બિન-આરોગ્યપ્રદ અને અસુવિધાજનક પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો હતો.

આ લાંબા ગાળાની સમસ્યાના નિરાકરણ માટે કોલોનીમાં એક સુવ્યવસ્થિત અને કાયમી ડ્રેનેજ પ્રણાલી (નિકાલ વ્યવસ્થા) નું નિર્માણ કરવામાં આવ્યું.

આ અંતર્ગત ૫૦ ઘન મીટર (ક્યુબિક મીટર) ક્ષમતાવાળો એક સંગ્રહ સમ્પ (Sump) બનાવવામાં આવ્યો, જેના દ્વારા ૨૮૩ મીટર લાંબી વરસાદી પાણીના નિકાલની ગટર (Storm Water Drain) મારફતે પાણીનો નિકાલ સુનિશ્ચિત કરવામાં આવ્યો. આ ગટર યાર્ડની વિરુદ્ધ દિશામાં આવેલા નીચાણવાળા વિસ્તારમાં પાણીનો પ્રવાહ લઈ જાય છે. આ કાર્યમાં પાટાઓની નીચે ૭૮ મીટર લંબાઈ સુધી પાઈપ પુશિંગ નું કાર્ય પણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.

આ વર્ષનું ચોમાસું છેલ્લાં ૧૦-૧૫ વર્ષોમાં એવું પહેલું ચોમાસું રહ્યું, જેમાં ખંભાળિયા રેલવે કોલોનીમાં કોઈ પણ પ્રકારનો પાણીનો ભરાવો થયો નથી. આ કાર્ય આશરે ૬૫.૬૪ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું.

આ સિદ્ધિ રાજકોટ ડિવિઝનના એન્જિનિયરિંગ વિભાગના સતત પ્રયાસો અને અસરકારક આયોજનનું પરિણામ છે.

# જૂનાગઢ પરિક્રમા મેળા અવસર પર વેરાવળ--ગાંધીગ્રામ વચ્ચે દૈનિક સ્પેશલ ટ્રેન ચલાવવામાં આવશે

### ટિકિટ બુકિંગ ૩૦ ઓક્ટોબરથી શરૂ થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જૂનાગઢ ખાતે યોજાનાર પરિક્રમા મેળા દરમિયાન મુસાફરોની વધતી ભીડ અને તેમની સુવિધાને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ ભાડા પર વેરાવળ-ગાંધીગ્રામ વચ્ચે દૈનિક સ્પેશલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન રાજકોટ ડિવિઝનમાંથી પસાર થશે. વિગતવાર માહિતી નીચે મુજબ છે

૧) ટ્રેન નંબર ૦૯૨૨૬ - વેરાવળ-ગાંધીગ્રામ દૈનિક સ્પેશલ ટ્રેન

આ ટ્રેન ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી ૧૦ નવેમ્બર, ૨૦૨૫ સુધી વેરાવળથી દરરોજ રાત્રે ૨૧.૨૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૮ વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે.

૨) ટ્રેન નંબર ૦૯૨૨૫ - ગાંધીગ્રામ-વેરાવળ દૈનિક સ્પેશલ ટ્રેન

આ ટ્રેન ૧ નવેમ્બર, ૨૦૨૫ થી ૧૧ નવેમ્બર, ૨૦૨૫ સુધી દરરોજ ગાંધીગ્રામથી રાત્રે ૨૨ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૦૮.૪૫ વાગ્યે વેરાવળ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં માળિયા હાટીણા, કેશોદ, જૂનાગઢ, જેટલસર, વિરપુર, ગોંડલ, ભક્તિનગર, રાજકોટ, સુરેન્દ્રનગર જં., વઢવાણ સિટી, બોટાદ, ધંધૂકા, ધોળકા, બાવળા અને સરખેજ સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ ઉપલબ્ધ રહેશે.

ટ્રેન નંબર ૦૯૨૨૫ અને ૦૯૨૨૬ માટે ટિકિટ બુકિંગ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ થી યાત્રી આરક્ષણ કેન્દ્રો તેમજ આઈઆરસીટીસી (IRCTC) ની વેબસાઈટ www.irctc.co.in પર શરૂ થશે. મુસાફરો ટ્રેનના રોકાણ, રચના અને સમયની વિગતવાર માહિતી માટે વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરી શકે છે.

# જૈનમ જયતિ શાસનમઃ ન ભૂતો, ન ભવિષ્યતિ જેવી અદ્વિતીય કાર્યક્રમને Team JBO દ્વારા અદભુત રીતે સફળતા અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જૈન સમાજના સાધુભગવંતો, શ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિઓ, અગ્રણીઓ, સંઘપતિઓ તેમજ વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી, ગુરુભગવંતોના આશીર્વાદ સાથે સમાજ એકતાનું દિવ્ય દ્રશ્ય સર્જાયું.

TEAM JBO એ જણાવ્યું કે આ શરૂઆત માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ જૈન સમાજની નવી ચેતના, એકતાનો સંકલ્પ અને સમરસતાનો ઉદય છે.

નવા વર્ષના પાવન અવસરે રાજકોટના ચારેય ફિરકાના જૈન ગુરુભગવંતો, ટ્રસ્ટીઓ તથા શ્રાવક-શ્રાવિકાઓ તારીખ ૨૫ ઓક્ટોબર ના રોજ શ્રી મણિભદ્ર આરાધના



ભવન, કસ્તુરબા રોડ, રાજકોટ ખાતે સવારે ૧૦ થી ૧૨ વાગ્યે એકત્ર થઈ, જૈન સમાજમાં એકતા, સ્નેહ અને આત્મીયતા વધારવા માટેનું અનોખું સ્નેહમિલન યોજ્યું.

જેની વિશેષતા ચારેય ફિરકાઓ કોઈ ધાર્મિક હેતુ કે વિવાદ વગર, માત્ર સ્નેહમિલનના ભાવથી મળ્યાં રાજકોટના જૈન સમાજનો પહેલો અને ઐતિહાસિક પ્રયાસ હતો. કાર્યક્રમની શરૂઆત સાથે થઈ અને ત્યારબાદ પૂજ્ય ગુરુદેવોના માંગલિક સાથે નવા વર્ષની શુભાશિષ વાણી થઈ.

પ.પૂ. સુશાંત મુનિ મહારાજ સાહેબ તથા પ.પૂ. મનકચંદ્રસાગર મહારાજ સાહેબની નિશ્રા હેઠળ યોજાયેલ આ સ્નેહમિલનમાં અનેક સાધુ ભગવંતોએ પત્ર દ્વારા પણ આશીર્વાદ આપેલ તેમજ ઘણા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા.

પ્રમુખ આગેવાનો જીતુભાઈ ચાવાળા, ચંદ્રકાંતભાઈ શેઠ, હેમલભાઈ શાહ, ગિરીશભાઈ મેહતા, જયેશભાઈ શાહ, રશ્મિકાંતભાઈ મોદી, અનિશભાઈ વાધર વગેરે ૬૨ સંઘો ના પ્રતિનિધિઓ સાથે જોડાયેલ.

કાર્યક્રમની સુવ્યવસ્થા હર્ષિલભાઈ શાહ અને TEAM JBO RAJKOT. સહકાર હિમાંશુભાઈ મેહતા, ધૈરવભાઈ શાહ, ચિરાગભાઈ સંઘવી, કેતનભાઈ સંઘવી, ડો. હાર્દિકભાઈ શાહ, ગૌરવભાઈ દોશી, મનીષભાઈ, વિશાલભાઈ ગાંધી, પિયુષભાઈ દોશી, જીગરભાઈ કોઠારી સહિત અનેક સેવાભાવી સભ્યો. ઉપસ્થિત સંસ્થાઓ JSG, JITO, ARHAM ગ્રુપ, જૈન વિઝન, જીવરક્ષા ફાઉન્ડેશન, જીવદયા ગ્રુપ, વિહાર સેવા, પ્રહલાદ પ્લોટ યુવક મંડળ, ગાંધીગ્રામ યુવક મંડળ.

# જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરે ખારવા ગ્રામ પંચાયતની મુલાકાત લઈ રેકર્ડ ચકાસણી કરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરે ધ્રોલ તાલુકાના ખારવા ગામે ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી. તેઓએ રેકર્ડ ચકાસણી કરી લગત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. તેમજ વેરા વસુલાત, ડીજીટલ ટેકનોલોજીનો વધુ ઉપયોગ કરવા, દબાણો દુર કરવા તથા ગ્રામજનોને સરકારી યોજનાઓનો લાભ મળે તે પ્રકારે કામગીરી કરવા લગત અધિકારીઓને જણાવ્યું હતું.



ત્યારબાદ કલેક્ટરએ ગ્રામજનો સાથે મુલાકાત કરી તેઓની રજૂઆતો સાંભળી લગત અધિકારીઓને જરૂરી કામગીરી કરવા તથા ગ્રામજનોના પ્રશ્નોના નિરાકરણ લાવવા કાર્યવાહી કરવા જણાવ્યું હતું.તેઓની આ મુલાકાત દરમિયાન ધ્રોલ પ્રાંત અધિકારી સ્વપિનલ સિસલે લગત અધિકારીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૭ વર્ષેથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની દ્વારા હાલમાં ગણપતિ ઉત્સવ તેમજ ઇદના તહેવાર અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની જાળવણી રૂપે વધુમાં વધુ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સુચના આપેલ હોય જેથી એલ.સી.બી.ના પોલીસ ઇન્સપેક્ટર વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ એવ્સકોન્ડર.પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઇન્સપેક્ટર એમ.વી.ભાટીયા તથા સ્ટાફના માણસો નાસતા ફરતા ગુનેગારોને શોધી કાઢવા જરૂરી વર્કઆઉટ કરી રહેલ હતા

દરમ્યાન સ્ટાફના કરણસિંહ જાડેજા, ગજેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઇ ડાંગર, હાર્દિકભાઇ ભટ્ટ, દિલીપસિંહ જાડેજા, મહિપાલ સાદિયા ને મળેલ બાતમી આધારે સીટી બી ડીવિ.પો.સ્ટે. ફર્સ્ટ ગુ.૨.નં.-૪૬૨/૧૯૯૯ ઇ.પી.કો.કલમ-૪૦૬ વિગેરે મુજબના ગુનામાં છેલ્લા ૨૭ વર્ષથી નાસતા-ફરતા લીસ્ટેડ આરોપી રાજુભાઇ ભનુભાઇ માંડવીયા રહે. કામરેજ ચોકડી દાદા ભગવાન કોમ્પલેક્ષ જી/૧ ફલેટ નંબર-૧૦૦૨, સુરત વાળાની તપાસ કરતા આરોપીને સુરત ખાતેથી પકડી પાડી આગળની ઘટીત કાર્યવાહી થવા સારૂ સીટી બી ડીવી. પોલીસ સ્ટેશન સોંપી મોકલી આપેલ છે.આ કામગીરી એવ્સકોન્ડર.પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઇન્સપેક્ટર એમ.વી.ભાટીયા તથા એ.એસ.આઇ. ગોવિંદભાઇ ભરવાડ, કરણસિંહ જાડેજા, ગજેન્દ્રસિંહ જાડેજા, સલીમભાઇ નોયડા, સુરેશભાઇ ડાંગર, ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા મહિપાલભાઇ સાદિયા, હાર્દિકભાઇ ભટ્ટ, તથા પો.કોન્સ. દિલીપસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા તથા એલ.સી.બી.ના હેડ કોન્સ.નિર્મળસિંહ જાડેજા તથા પો.કોન્સ.બંળવતસિંહ પરમાર નાઓ દ્વારા કરવામાં આવેલ છે.

# જામનગર મહાનગરપાલિકાની ૬૪ બેઠકોની ફાળવણી જાહેરઃ ૧૬ વોર્ડમાં ૪૪ બેઠકો અનામત, ૨૦ સામાન્ય માટે ફાળવાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણીઓ નજીકના ત્રણ મહિનામાં યોજાઈ શકે છે. આ પૂર્વે રાજ્યના ચૂંટણી પંચ દ્વારા જામનગર મહાનગરપાલિકાના ૧૬ વોર્ડની કુલ ૬૪ બેઠકો માટે રોટેશન મુજબ ફાળવણી જાહેર કરવામાં આવી છે.વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ શહેરની કુલ વસ્તી ૫,૮૭,૩૫૦ છે. કુલ ૬૪ બેઠકોમાંથી ૩૨ બેઠકો મહિલાઓ માટે, ૪ બેઠકો અનુસૂચિત જાતિ માટે, ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અને ૧૭ બેઠકો પછાત વર્ગ માટે અનામત રાખવામાં આવી છે. આમ, કુલ ૪૪ બેઠકો અનામત અને ૨૦ બેઠકો સામાન્ય વર્ગ માટે ફાળવવામાં આવી છે.શહેરના કુલ ૧૬ વોર્ડમાં, દરેક વોર્ડમાં ચાર બેઠકો હોય છે. રોટેશન મુજબની ફાળવણીમાં, દરેક વોર્ડમાં બીજી બેઠક સામાન્ય મહિલા અનામત અને ચોથી બેઠક સામાન્ય વર્ગ માટે ફાળવવામાં આવી છે. જ્યારે દરેક વોર્ડમાં પ્રથમ બેઠક મહિલા અનામત અને ત્રીજી બેઠકમાં રોટેશન મુજબ ફાળવણી કરવામાં આવી છે. વોર્ડ નંબર ૧માં પ્રથમ બેઠક સામાન્ય અને ત્રીજી બેઠક પછાત વર્ગ માટે અનામત છે. વોર્ડ નંબર ૨માં પ્રથમ બેઠક અનુસૂચિત જાતિ અને ત્રીજી બેઠક પછાત વર્ગ માટે છે.વોર્ડ નંબર ૩માં પ્રથમ બેઠક પછાત વર્ગ અને ત્રીજી બેઠક અનુસૂચિત જાતિ માટે છે. વોર્ડ નંબર ૪માં પ્રથમ બેઠક પછાત વર્ગ અને ત્રીજી બેઠક અનુસૂચિત આદિજાતિ માટે છે. વોર્ડ નંબર ૫માં પ્રથમ બેઠક સામાન્ય અને ત્રીજી બેઠક પછાત વર્ગ માટે છે. વોર્ડ નંબર ૬માં પ્રથમ બેઠક સામાન્ય અને ત્રીજી બેઠક પછાત વર્ગ માટે છે. વોર્ડ નંબર ૭માં પ્રથમ બેઠક અનુસૂચિત જાતિ અને ત્રીજી બેઠક પછાત વર્ગ માટે છે. વોર્ડ નંબર ૮માં પ્રથમ બેઠક સામાન્ય અને ત્રીજી બેઠક પછાત વર્ગ માટે છે. વોર્ડ નંબર ૯માં પ્રથમ બેઠક પછાત વર્ગ અને ત્રીજી બેઠક સામાન્ય માટે છે.વોર્ડ નંબર ૧૦માં પ્રથમ બેઠક પછાત વર્ગ અને ત્રીજી બેઠક પણ પછાત વર્ગ માટે છે. વોર્ડ નંબર ૧૧માં પ્રથમ બેઠક પછાત વર્ગ અને ત્રીજી બેઠક અનુસૂચિત જાતિ માટે છે. વોર્ડ નંબર ૧૨માં પ્રથમ બેઠક સામાન્ય અને ત્રીજી બેઠક પછાત વર્ગ માટે છે. વોર્ડ નંબર ૧૩માં પ્રથમ બેઠક પછાત વર્ગ અને ત્રીજી બેઠક સામાન્ય માટે છે. વોર્ડ નંબર ૧૪માં પ્રથમ બેઠક પછાત વર્ગ અને ત્રીજી બેઠક સામાન્ય માટે છે. વોર્ડ નંબર ૧૫માં પ્રથમ બેઠક પછાત વર્ગ અને ત્રીજી બેઠક સામાન્ય માટે છે. જ્યારે વોર્ડ નંબર ૧૬માં પ્રથમ બેઠક સામાન્ય અને ત્રીજી બેઠક પછાત વર્ગ માટે ફાળવવામાં આવી છે.

# જામનગરમાં ઉત્તર ભારતીયો દ્વારા છઠ્ઠ મૈયા પર્વની ઉજવણી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં દિગજામ વુલનમીલની પાછળના ભાગની સોસાયટીઓમાં બાલાજી પાર્ક વિસ્તારમાં બિહાર, ઝારખંડ, ઉત્તરપ્રદેશ સહિતના ઉત્તર ભારતીય પરિવારો વસવાટ કરે છે, જેઓ દ્વારા છઠ્ઠ મૈયા પર્વની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરાઈ હતી, અને વૃતધારી બહેનો દ્વારા ઉગતા સૂર્ય ને અર્ધ્ય ચડાવી મનોકામના પુરી કરી હતી. ઉપરોક્ત વિસ્તારમાં વસવાટ કરતી અનેક મહિલાઓ દ્વારા ભક્તિ ભાવ સાથે પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ઉગતા સૂર્યને અર્ધ્ય ચડાવવામાં આવ્યું હતું, ઉત્તર ભારતીય પરિવારના અન્ય સદસ્યો પણ પૂજા વિધિમાં જોડાયા હતા. કારતક સુદ છઠ્ઠ ના દિવસે સુર્યદેવતાની પુજા કરવાનું ઘણું મહત્વ રહેલું છે.જેથી બિહારી સહિતના રાજ્યના લોકો જ્યા વસવાટ કરતા હોય, ત્યાં છઠ્ઠ પુજા કરવામાં આવે છે. જેમાં પરિણિતાઓ સોળે શણગાર સજીને પાણીના કાંઠે પૂજા કરવામાં આવે છે. ત્યારે જામનગર શહેરના ખોડીયાર કોલોનીના જુદી જુદી સોસાયટીમાં બિહારી સહિતના રાજ્યના લોકો રહે છે. જે તમામ પરિવારો દ્વારા ઉત્સાહ ઉમંગથી આ પર્વને ઉજવ્યું હતું. જામનગર શહેર ભાજપના અધ્યક્ષ બીનાબેન કોઠારી,સહિતના અગ્રણીઓ પણ જોડાયા હતા.

# જામનગર દિવાળી પર્વમાં ગુરુ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલની તબીબી સેવાઓ ૨૪૭ કાર્યરત રહી



### ૨૦૩ સગર્ભાઓની સફળ પ્રસુતિ કરાવાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જ્યારે સમગ્ર જનતા દિવાળીના પાવન પર્વની ઉજવણીમાં લીન હતી, ત્યારે જામનગરની ગુરુ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલનો સ્ટાફ દર્દીઓની સેવામાં ૨૪ કલાક ખડે પગે રહ્યો હતો. હોસ્પિટલના તબીબો, સ્ટાફ નર્સ, અને અન્ય તમામ કર્મચારીઓએ દિવાળીના દિવસોમાં પણ પોતાની ફરજને સર્વોપરી ગણીને ઉત્કૃષ્ટ કામગીરીનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.દિવાળી પર્વ દરમ્યાન હોસ્પિટલ ખાતેની ઈમરજન્સી સેવાઓ ૨૪૭ કાર્યરત રહી હતી અને તબીબી સ્ટાફે સતત ખડે પગે રહી દર્દીઓની સારવાર કરી હતી.

દિવાળી પર્વના ગાળા દરમિયાન, ઈમરજન્સી વિભાગોમાં દર્દીઓને તાત્કાલિક અને જીવનરક્ષક સારવાર પૂરી પાડવામાં આવી હતી. ઈમરજન્સી વોર્ડ ખાતે કુલ ૬૪૭ દર્દીઓ જ્યારે ટ્રોમા સેન્ટર ખાતે કુલ ૨૨૫ દર્દીઓને સારવાર આપવામાં આવી, આમ કુલ ૮૭૨ ઈમરજન્સી અને ટ્રોમા કેસને સંભાળવામાં આવ્યા હતા. આ ઉપરાંત, આગમાં દાઝી ગયેલ કુલ ૭ ગંભીર દર્દીઓને તાત્કાલિક સારવાર આપી તેમના જીવ બચાવવાની મહત્વપૂર્ણ કામગીરી પણ હાથ ધરાઈ હતી. માત્ર ઈમરજન્સી જ નહીં, પરંતુ હોસ્પિટલના ગાયનેક વિભાગ ખાતે કુલ ૨૦૩ ડીલીવરી કરવામાં આવી હતી અને ન્યુ બોર્ન આઈ.સી.યુ.માં કુલ ૧૦૪ નવજાત બાળકોને પણ વિશેષ સારવાર આપવામાં આવી હતી.આમ, જ્યારે આમ જનતા દિવાળી પર્વની ઉજવણી કરી રહી હોય ત્યારે, જી.જી. સરકારી હોસ્પિટલના કાર્યનિષ્ઠ અને કુશળ તબીબો, સ્ટાફ નર્સ, અને અન્ય કર્મચારીઓ દ્વારા કુલ ૮૭૨ ઈમરજન્સી દર્દીઓ અને અન્ય વિભાગોના દર્દીઓ મળીને અનેક લોકોને દિવાળી પર્વ દરમ્યાન સારવાર આપી ઉત્કૃષ્ટ કામગીરી કરી 'સેવા પરમો ધર્મ'ના સૂત્રને સાર્થક કર્યું છે.

# જલારામ જયંતી નિમિત્તે મસ્તાન ભોજન તથા પ્રસાદ રથનું પ્રસ્થાન




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રઘુવંશી સમાજ દ્વારા શ્રી જલારામ જયંતિ મહોત્સવ સમિતિનાં ઉપક્રમે સંત શિરોમણી પૂ. જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતિ નિમિત્તે ગૌસેવા, પ્રસાદ રથનો આરંભ, સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિ સમૂહ ભોજન (માસ્તાન) તથા સમૂહ જ્ઞાતિ ભોજન સહિતનાં કાર્યક્રમ યોજાય હતાં.જલારામ નગર, પ્રણામી સંપ્રદાય મેદાન, પ્રણામી સ્કૂલ મેદાન, નવાનગર બેંક સામે, જામનગરમાં સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિનાં સમૂહ ભોજન (માસ્તાન)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ જલારામ બાપાની આરતી અને પૂજન અર્ચન કરવામાં આવ્યા હતાં.અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ જીતુભાઈ લાલ, જામનગર લોહાણા મહાજન પ્રમુખ ભરતભાઈ મોદી, ઉપપ્રમુખ ચેતનભાઈ માધવાણી, રઘુવંશી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. તથા જલારામ જયંતિ મહોત્સવ સમિતિનાં સૌરભ બદિયાણી, ધવલ સોનછાત્રા, હસિત પોપટ, કૌશલ દત્તાણી, નિશીત રાયઠઠ્ઠા, નિલ મોદી, વ્યોમેશ લાલ, રાજદીપ મોદી, વિશાલ પોપટ, રાજુ કાનાબાર, ધૈર્ય મપારા, હિરેન રૂપારેલીયા, રવિ અઢિયા સહિતની ટીમ દ્વારા સમગ્ર વ્યવસ્થાનું સંકલન કરવામાં આવ્યું હતું. માસ્તાન ભોજન વડે બ્રહ્મભોજનની પરંપરા નિભાવાઈ હતી. આ સાથે જ પ્રસાદ રથ હરતું ફરતું અન્નક્ષેત્રનું પણ પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

# જામનગર માર્કેટયાર્ડમાં મગફળીનો ભાવ ૮૦૦થી ૧૯૦૫ સુધી બોલાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ હાપા માર્કેટીંગ યાર્ડમાં નવા વર્ષના મગફળીના તૈયાર પાકની પ્રથમ વખત અવક થયા બાદ પ્રથમ દિવસે ખેડુતોને મગફળીનો મણનો ભાવ રૂ.૮૦૦થી ૧૯૦૫ સુધીનો મળ્યો હતો. આગામી દિવસોમાં સરકાર દ્વારા જાહેર કરાયેલા મગફળીના મણના ટેકાના રૂ.૧,૪૫૨ના ભાવે ખરીદી થાય તો સરકારને મગફળી વેંચવા ખેડુતોમાં વ્યાપક આતુરતા છે.હાપા માર્કેટીંગ યાર્ડમાં જીણી અને જાડી બે ક્વોલિટીની મગફળીની ૬૮૫૫ ગુણીઓ એટલે કે, ૧૧,૯૯૬ મણ મગફળીની આવક થઈ હતી. કુલ ૧૧૫ ખેડુતો મગફળી વેંચવા આવ્યા હતા. મગફળીની હરરાજીના પ્રથમ દિવસે જીણી મગફળીના મણના ભાવ રૂ.૧૦૦૦થી ૧૧૦૦ અને જાડી મગફળીના મણના ભાવ રૂ.૮૦૦થી ૧૦૦૦ના તેમજ ૬૬ નંબરની મગફળીના મણના ભાવો રૂ.૯૦૦થી ૧૯૦૫ના રહ્યા હતા.મગફળી ઉપરાંત યાર્ડમાં ઘઉં, અડદ, ચણા, લસણ, કપાસ, જીરુ, અજમો, અજમાની ભુસી, સુકી ડુંગળી, સોયાબીન સહિતની જણસોની કુલ ૧૦,૪૩૬ ગુણીઓ એટલે કે, ૨૧,૪૭૭ મણ જણસોની આવક થઈ હતી. જે સામે ૧૦,૦૬૪ મણ જણસોના સોદા થયા હતા. તા.૨૮ના રોજ કુલ ૩૦૭ ખેડુતો યાર્ડમાં માલ વેંચવા આવ્યા હતા. ઉલ્લેખનિય છે કે, ગત વર્ષે જામનગર જિલ્લામાં ૪૯ હજાર ખેડુતો ટેકાના ભાવે મગફળી વેંચવા માટે નોંધાયા હતા. પરંતુ આ વર્ષે મગફળીનું ૨ લાખ ૬૪,૬૨૨ હેકેટરમાં વાવેતર થયેલું હોવાથી ટેકાના ભાવે મગફળી વેંચવા માંગતા ખેડુતોની સંખ્યા ૨ લાખ ૧ હજારની થઈ છે. તેથી સંખ્યાબંધ ખેડુતો સરકારી ખરીદી શરૂ થાય તેની રાહમાં છે.

# મોરબી અને હળવદમાં અપમૃત્યુના અલગ અલગ બે બનાવો નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના વાલ્મીકીવાસ વિસ્તારમાં ૭૦ વર્ષીય વૃદ્ધાએ એસિડ પી આપઘાત કર્યો હતો. જ્યારે હળવદ તાલુકાના માથક ગામ નજીક મોટરસાયકલ અકસ્માતમાં ૧૯ વર્ષીય યુવકનું મોત થયું હતું. બંને બનાવો અંગે પોલીસે અ.મોતની નોંધ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરાઈ છે.

પ્રથમ અપમૃત્યુના બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીમાં જુની જેલ રોડ વાલ્મીકીવાસ શેરી નં-૨ ખાતે રહેતા મોતીબેન ધમાભાઇ મકવાણા ઉવ.૭૦ એ ગઈ તા. ૨૮ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ કોઇ અજાણ્યા કારણસર પોતાના ઘરે એસિડ પી લીધું હતું. જેથી તેમને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી મોતીબેનને મરણ જાહેર કર્યા હતા. મૃત્યુના બનાવ અંગે એ ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી છે.

જ્યારે બીજો અમૃત્યુનો બનાવ હળવદ તાલુકા પોલીસ સ્ટેશન હદમાં નોંધાયો હતો. જેમાં મોરબી તાલુકાના ઘુંટુ ગામ, ડારમા દાદાના મંદિર પાસે ટાવરવાળી શેરી ખાતે રહેતા રાકેશ ધીરૂભાઇ રાઠોડ ઉવ.૧૯ ગઈ તા.૨૭/૧૦ ના રોજ પોતાના મિત્રો ભરત ચંદુભાઇ સેખાણી અને પ્રવિણ રઘુભાઇ ભરવાડ સાથે મોટરસાયકલ રજી. નં. જીજે-૩૬-એકે-૭૫૮૬ ઉપર રણછોડગઢ ગામે મામાદેવના માંડવામાં જતાં હતાં. ત્યારે માથક ગામ નજીક રોડ પર અચાનક કુતરૂ આડું પડતાં, મોટરસાયકલનો કાબૂ ગુમાવી રોડની સાઇડમાં ઝાડ સાથે અથડાતા રાકેશને ગંભીર ઇજા પહોંચી હતી. જેથી તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. મૃત્યુના આ બનાવ અંગે હળવદ પોલીસે અ.મોત રજીસ્ટર કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

ખેરડી ગામની જમીન પ્રકરણમાં

# પત્નિ તથા પુત્રએ કરેલ વાંધા-અરજીના તકરારી કેસમાં વાંધા-અરજી રદ કરવાનો હુકમ કરતા ડેપ્યુટી કલેક્ટર


એડવોકેટ : ભાવેશ રંગાણી


એડવોકેટ : વિશાલ ગીણોયા



એડવોકેટ : ઈશાન ભટ્ટ

## રાજકોટ તાલુકાના ખેરડી ગામની કિંમતી જમીન પતિ દ્વારા વેચાણ કરતા ખરીદનારના નામે દાખલ થયેલ નોંધ રદ કરવા તેમજ અલગથી હીસ્સો આપવાની પત્નિ તથા પુત્રએ કરેલ વાંધા-અરજીના તકરારી કેસમાં વાંધા-અરજી રદ કરવાનો હુકમ કરતા ડેપ્યુટી કલેક્ટર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ ખેરડીના સર્વે નં.-૧૫૦ ની ખેતીની ખેડવાણ જમીન હેકટર ૪-૦૯-૭૫ ચો.મી. ખાતા નં.-દેવેન્દ્રભાઈ હંસરાજભાઈ રામાણી ખાતા નં.-૮૦ થી વડીલોપાર્જીત હકકથી ધારણ કર્તા હતા તેથી તે જમીન તેમની કાયદેસરની માલીકી તથા કબજા ભોગવટાની આવેલ હતી

ઉપરોકત જણાવેલ જમીન દેવેન્દ્રભાઈ હંસરાજભાઈ રામાણીએ વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપતા જેની હકકપત્રક નં.-૬ માં નોંધ નં.-૮૮૭૬ દાખલ થયેલ જેની સામે તેમના પત્ની હીરલ દેવેન્દ્ર રામાણી અને સગીર પુત્ર રૂદ્ર દેવેન્દ્ર રામાણીએ વાંધા અરજી કરી આ જમીનમાં તેઓનો હીસ્સો ડુબાડવામાં આવેલ હોય તેથી આ દસ્તાવેજ ગેરકાયદેસર હોય જેના આધારે દાખલ થયેલ નોંધ રદ કરવા અને તેમોનો હિસ્સો અલગ કરી આપવામાં માટેની માંગણી કરતા આ કામે નાયબ કલેકટર સમક્ષ તકરારી કેશ નં.-૬૦/૨૦૨૫ દાખલ કરવામાં આવેલ અને બન્ને પક્ષોને રજુઆત કરવા અને આધાર-પુરાવા રજુ કરવાનુ જણાવવામાં આવેલ

જેમાં અરજદાર ધ્વારા આ જમીન વડીલોપાર્જીત હોય તેમજ રજીસ્ટર દસ્તાવેજ કરી આપવાથી તેમનો હકક ડુબાડવામાં આવેલ હોય અને તે માટે તેઓએ આ કામે વાંધા રજુ કરી આ નોંધ રદ કરવા તેમજ તેઓએ દસ્તાવેજ રદ કરવા કોર્ટમાં દાવો દાખલ કરેલ હોય જે હાલ પેન્ડીંગ હોય તેમજ હિન્દુ વારસાધારા અન્વયે તેઓ કાયદેસરના વારસદારો હોય તેવી રજુઆતો કરી જમીનમાં તેમનો અલગ હિસ્સો આપવા અંગેની માંગણી સાથેની રજુઆતો કરેલ

તેમજ આ ઉપરોકત સામાવાળા ખરીદનાર તથા વેચનાર આપનાર જમીન માલીક વતી એડવોકેટ ભાવેશ રંગાણી, વિશાલ ગીણોયા તથા ઈશાન ભટ્ટ રોકાયેલ હતા અને જેઓએ આ કામે નાયબ કલેકટર મહેસુલી કાયદાઓ તથા હિન્દુ સકસેશન એકટ મુજબની રજુઆત કરેલ કે આ જમીનના તેઓ કાયદેસર માલીક અને કબજેદાર હોય તેમજ આ જમીન તેઓની વડીલોપાર્જીત હકકની નથી તેથી તેઓએ સંયુકત કુટુબના સભ્ય તરીકે આ જમીન વેચાણ કરવા અધિકાર છે. તેમજ હાલ પત્ની અને પુત્ર તેમની સાથે જ રહે તેમજ આ જમીન લગ્ન પહેલા જ હાલના વેચાણ આપનાર નામે આવી ગયેલ હોય તેથી આ જમીન એબ્સોલ્યુટ જમીન તરીકેપ્રસ્થાપિત થયેલ હોય તેથી પત્ની આ જમીનમાં હકક માંગી શકે નહી તેજમ આ હાલના વેચનાર જાતે પત્ની અને પુત્રનુ ભરણપોષણ કરે છે અને સાથે જ રહે છે તેથી આ કામે હીસ્સો અલગ કરી આપવાનો કોઈ પ્રશ્ન જ નથી.

તેમજ આ કામે હાલની નોંધ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી થયેલ છે. તેથી હાલ નાયબ કલેકટરને આ નોંધ નામંજુર કરવાના અધિકાર પહોચતા નથી. તેમજ હીન્દુ વારસાધારા અંગે પણ કોઈપણ આસામીનો હકક આપવાની અધિકાર પણ કાર્યક્ષેત્ર બહાર હોય તેમજ નામદાર કોર્ટમાં દાખલ થયેલ દાવામાં કોઈ મનાઈહુકમ આપવામાં આવેલ નથી. તેથી આ કામે અરજદાર તરફથી જે રજુઆત અને આધાર-પુરાવા રજુ કરવામાં આવેલ છે તે ધ્યાને લેવા પાત્ર ન હોય અને અરજદારની વાંધા-અરજી રદ કરવા પાત્ર હોય અને વેચાણ દસ્તાવેજની નોંધ મંજુર કરવા પાત્ર હોય જે કાયદેસર છે.

તેથી આ સામાવાળાની આ રજુઆત તથા આધાર-પુરાવાઓ માન્ય રાખી અને દસ્તાવેજના આધારે દાખલ થયેલ નોંધ મંજુર કરવા આથી હુકમ કરેલ તેમજ અરજદારની વાંધા અરજી નામંજુર કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આ કામે સામાવાળાના એડવોકેટ તરીકે ભાવેશ રંગાણી, વિશાલ ગીણોયા તથા ઈશાન ભટ્ટ રોકાયેલ હતા.

# યાંત્રિક વિભાગના ઈજનેર - નાયબ ઈજનેર સહિત ત્રણ ૫૦ હજારની લાંચ લેતા ઝડપાયા



## રણુજા લોક મેળામાં યાંત્રિક રાઈડસનું ફિટનેસ સર્ટિફિકેટ આપવા એક લાખની લાંચ માંગી'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આદમી દિવસોમાં રણુજા ખાતે લોક મેળો યોજાવાનો છે. તેમાં યાંત્રિક રાઈડ મૂકવા માટે મંજૂરી મેળવવાની હોય તે માટે રાઈડ્સના સંચાલકો દ્વારા રાજકોટના યાંત્રિક વિભાગમાં મંજૂરીના કાગળો મુકવામાં આવ્યા હતા. પરંતુ યાંત્રિક વિભાગના ઈજનેર અને નાયબ ઈજનેર દ્વારા વચેટિયા થકી મંજૂરીના સર્ટિફિકેટ માટે એક લાખની લાંચ માંગવામાં આવી હતી. રકઝક ના અંતે ૫૦,૦૦૦ માં નક્કી થયા બાદ પારેવડું ચોક પુલ નીચે લાંચ સ્વીકારતાની સાથે એસીબીએ ઇજનેર, નાયબ ઇજનેર અને પ્રજાજન સહિત ત્રણને રંગે હાથ ઝડપી લીધા હતા.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં યાંત્રીક પેટા વિભાગના અધિકારીઓ લાંચ માંગતા હોવાની મળી આવેલી ચોક્કસ ફરિયાદને આધારે એન્ટિ-કરપ્શન બ્યુરોએ બુધવારે સફળ ટ્રેપ કરતાં ત્રણ આરોપીઓને પકડ્યા હતા. ભાગીદારીમાં સૌરાષ્ટ્રના લોકમેળાઓમાં યાંત્રીક રાઇડસનો ધંધો કરતા એક જાગૃત નાગરિક પાસે ફિટનેસ સર્ટિફિકેટ વાર્ટ રૂ.૧,૦૦,૦૦૦ની લાંચ માંગવામાં આવી રહી હતી. રકજક બાદ રૂ. ૫૦,૦૦૦ પર ડીલ નક્કી થતા અંતે એ.સી.બી.એ છટકુ ગોઠવ્યું હતું.

માહિતી મુજબ માર્ગ અને મકાન યાંત્રિક પેટા વિભાગ રાજકોટના કાર્યપાલક ઇજનેર પીયુષ બાબુભાઈ બાંભરોલિયા, તથા નાયબ કાર્યપાલક ઇજનેર નિરવ પ્રવિણચંદ્ર રાઠોડ દ્વારા લોકમેળામાં મુકાયેલા યાંત્રીક ચકડોળ (રાઈડસ)નું ફિટનેસ પ્રમાણપત્ર આપવા રાઈડસ સંચાલકો પાસે ગેરકાયદેસર લાંચની માંગણી કરવામાં આવી હતી. એક રાઈડસ સંચાલક આ રકમ આપવા નિષ્ફુરતા દાખવતા તેમણે મોરબી એ.સી.બી.નો સંપર્ક સાધ્યો હતો.

એસીબી ને મળેલી ફરિયાદ પરથી ગોઠવાયેલા છટકામાં ઈજનેર પીયુષ બાંભરોલીયા ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત વચેટિયા સુધીરભાઈ નવિનચંદ્ર બાવીશીને લાંચ સ્વીકારવાની સૂચના આપી હતી. સ્થળ તરીકે પારેવડીચોક પુલ નીચે બજરંગ ટી-સ્ટોલ પાસેની બેઠક નક્કી કરવામાં આવી હતી. ટ્રેપ દરમિયાન ફરીયાદી પાસેથી રૂ.૫૦,૦૦૦ સ્વીકારતાં વચેટિયો સુધીર બાવીસીને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ત્રણેય આરોપીઓએ એકબીજાને મદદ કરી ગુન્હો આચર્યા હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. પ્રાપ્ત થઈ ગયેલા પુરાવાના આધારે વિધિવત કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. આ કામગીરી મોરબી એસીબીના પીઆઈ પી.એ. દેકાવાડીયા, તથા તેમની ટીમે સફળતાપૂર્વક કરી હતી. સમગ્ર કાર્યવાહીનું સુપરવિઝન મદદનીશ નિયામક એ.સી.બી. રાજકોટ એકમ ના કે એચ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. સત્તાવાર સૂત્રોએ પણ ચેતવણી આપી છે કે છે કે સરકારી સેવાઓ બદલ લાંચ માંગવાનું અથવા આપવાનું બંને દંડનીય ગુન્હા હોવાનું કાયદામાં સ્પષ્ટ છે.

# લવ મેરેજ બાદ પતિએ ઘરમાંથી કાઢી મુકતા પત્નીનો આપઘાતનો પ્રયાસ

## પતિ, સાસુ-સસરા અને નણંદ વિરૂધ્ધ પરિણીતાએ નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં કાલાવડ રોડ પર આવેલા કણકોટ ગામમા પિતાનાં ઘરે રીસામણે આવેલી ડીમ્પલ કીરણભાઈ ઘાઘરેટીયા (ઉ.વ. ૨૧ ) ને તેમનાં સાસરીયાઓએ ત્રાસ આપતા તેમણે બોટાદનાં રાણપુર તાલુકાનાં માલણપર ગામે રહેતા પતિ કીરણભાઈ ઘનશ્યામભાઈ, સસરા ઘનશ્યામભાઈ, સાસુ જયાબેન અને નણંદ કીંજલબેન વિરુધ્ધ ત્રાસ અંગેની ફરીયાદ રાજકોટ તાલુકા પોલીસ મથકમા નોંધાવી છે. આ ઘટનામા ફરીયાદી ડીમ્પલબેન ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેમણે ૧ વર્ષ પહેલા માતા-પિતાની મરજી વિરુધ્ધ કીરણ સાથે લવ મેરેજ કર્યા હતા. ત્યારબાદ તા. ૨૭-૫ થી સાસરે કીરણ સાથે રહેવા જતી રહી હતી અને થોડા સમય સુધી ઘર વ્યવસ્થીત ચાલ્યું હતુ. ત્યારબાદ નણંદ કીંજલ અને સાસુ જયાબેન અવાર નવાર માથાકુટ કરતા હતા આ ઘટનાની જાણ પતિને થતા તેમણે ડીમ્પલબેન સાથે મારપીટ કરી હતી. સાસુ પણ પતિ કીરણને સાચુ ખોટુ જણાવી માર ખવડાવતા હતા અને માથાકુટ વધારે પડતી થઈ જતા માસાજીનાં ઘરે અઠવાડીયુ જતી રહી હતી . ત્યારબાદ પતિ તેમને તેડી આવ્યા હતા. સસરા ઘનશ્યામભાઈ પણ મારકુટ કરતા હતા અને સસરા અને નણંદ અવાર નવાર નાની નાની બાબતમા માથાકુટ કરી હેરાન પરેશાન કરતા હતા. ત્યારબાદ પતિ બે વખત મામા હરજીભાઈનાં ઘરે ચાચકા ગામે મુકી ગયા જયા ડીમ્પલબેન ત્રણેક મહીના રોકાયા હતા અને પતિ તેમજ સસરા સમાધાન કરી તેડી ગયા હતા બાદમા નણંદ કીંજલ અને સાસુ તેમજ સસરા ઘરકામ બાબતે માથાકુટ કર્યા કરતા હતા. ત્યારબાદ માતા-પિતાને જાણ કરતા તેઓ સાસરે આવી ડીમ્પલબેનને લઈ ગયા હતા ત્યારબાદ બેસતા વર્ષનાં દીવસે માતાનાં ફોનમાથી પતિને ફોન કરતા પતિએ વાતચીત કરી ન હતી અને ફોન કાપી નાખ્યો હતો. ત્યારબાદ ડીમ્પલબેને કહ્યુ કે તમારે મને ન રાખવી હોય તો હુ મરી જાવ જેથી પતિએ કહ્યુ કે તારે જે કરવુ હોય તે કર . જેથી ડીમ્પલબેનને લાગી આવતા તેમણે ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

# વિનોદનગરમાં બીમારીથી કંટાળી વૃદ્ધે ઝેરી પાવડર પી જીવન ટૂંકાવ્યું

## દૂધ પીને સુઇ ગયા બાદ ૨૪ દિવસની બાળકીનું બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કોઠારીયા મેઈન રોડ ઉપર આવેલા વિનોદનગરમાં રહેતા વૃદ્ધે બીમારીથી કંટાળી ઝેરી પાવડર લીધો હતો. વૃદ્ધનું -મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા મેઈન રોડ ઉપર આવેલા વિનોદનગરમાં રહેતા લવજીભાઈ રાજાભાઈ રામાણી નામના ૭૩ વર્ષના વૃદ્ધ પોતાના ઘરે હતા. ત્યારે ઝેરી પાવડર પી લીધો હતો. વૃદ્ધને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નીપજતા પરિવ-ારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.પ્રાથમિક પૂછપરછમાં લવજીભાઈ રામાણી બે ભાઈ પાંચ બહેનમાં વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. લવજીભાઈ રામાણીએ બીમારીથી કંટાળી



આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

બીજા બનાવમાં દૂધસાગર રોડ ઉપર રહેતા પરિવારની રીંકદેવી પ્રમોદભાઈ ઠાકોર નામની ૨૪ દિવસની માસુમ બાળકીને દૂધ પીવડાવીને સુવાડી દેવામાં આવી હતી. પરંતુ માસુમ બાળકી સુતા બાદ ફરી નહીં ઉઠતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે બાળકીને મૃત જાહેર કરતા પરિવારમાં શોકની 'લાગણી પ્રસરી છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં નમકીનના કારખાનામાં આગ ભભૂકતા લાખોનું નુકશાન

## ફાયર બ્રિગેડની પાંચ ટીમોએ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના લક્ષ્મીનગર મેઈન રોડ પર ઉમાકાન્ત ઉદ્યોગનગરમાં આવેલા નમકીનના કારખાનામાં મધરાત્રે ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. મોડીરાત્રે વિરલ નમકીન (શ્રી રામ ગૃહ ઉદ્યોગ)માં આગ લાગતા ઘુમાડાના ગોટેગોટાથી વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતા ફાયર બ્રિગેડનો સ્ટાફ પાંચ ફાઈયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી ત્રણ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આગમાં કારખાનામાં રહેલો નમકીનનો જથ્થો અને રો મટીરીયલ્સ બળીને ખાખ જઈ જતા લાખોનુ નુકસાન થયાનું જાણવા મળ્યુ છે. જો કે, સદનસીબે આગમાં કોઈ જાન હાની થઇ ન હતી.

જાણવા મળતી વિગતો મુજબ, શહેરના લક્ષ્મીનગર મેઈન રોડ પર ઉમાકાંત ઉદ્યોગનગર શેરી નંબર-૩ માં આવેલા




વિરલ નમકીન (શ્રીરામ ગૃહ ઉદ્યોગ) નામના કારખાનામાં મોડી રાત્રે ૧.૩૦ વાગ્યાના અરસામાં આગ લાગી હતી. જે અંગેની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા મવડી ફાયર સ્ટેશનથી બે ફાયર ફાઈટર સાથે રવાના થયો હતો. અહીં આવી જોતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હોય બાદમાં મુખ્ય ફાયર સ્ટેશન, કાલાવડ રોડ અને કોઠારીયા રોડ ફાયર સ્ટેશનથી ફાયર ફાઈટર મગાવી કુલ પાંચ ફાયર ફાઈટર દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. સતત ત્રણ કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. નમકીનના કારખાનામાં લાગેલી આગની આ ઘટનામાં સદભાગ્યે કોઈ જાનહાની થઈ નથી. કારખાનામાં ૧૭ એલપીજી સિલિન્ડર હતા જે ફાયરના સ્ટાફે બહાર કાઢી લીધા હતાં. આગમાં ફરસાણ મીઠાઈ તથા અન્ય મટીરીયલ સળગી ગયું હતું. આગ લાગ્યાની ઘટના બનતા અહીં કારખાનેદાર વિમલ સંજયભાઈ ટાંકનો પુત્ર પણ દોડી આવ્યો હતો. કારખાનામાં આગ કયા કારણોસર લાગી તે હજુ જાણી શકાયું નથી. તેમજ આગની આ ઘટનાથી થયેલ નુકસાનીનો ચોક્કસ આંકડો પણ જાણી શકાયો નથી પરંતુ આગમાં લાખોનુ નુકસાન થાયનું અનુમાન સેવાઈ રહ્યું છે.

# રાજકોટઃ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમના કુશળ કાઉન્સેલિંગ દ્વારા પતિ-પત્ની વચ્ચે સુખદ સમાધાન કરવામાં આવ્યું

## પીડિતા તેમજ મહિલાની માતાએ આનંદની લાગણી વ્યક્ત કરી ૧૮૧ અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પીડીતા મહિલાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન માં ફોન કરી જણાવેલ કે તેમના પતિ તેમની સાથે મારપીટ કરે છે, કેફી દ્રવ્ય નું સેવન કરી છે,અને તેમના બાળકોને ગેર શબ્દ કહે છે. તેથી તેના પતિને સમજાવવા ૧૮૧ વાનની જરૂર છે.

એવી માહિતી મળતા જ ૧૮૧ ટીમ કાઉન્સેલર શિતલ સરવૈયા , કોન્સટેબલ હર્ષાબેન તથા પાયલોટ દર્શિતભાઇ ઘટના સ્થળ પર મહિલાની મદદ માટે રવાના થયેલ. રૂબરૂ ૧૮૧ ટીમ મહિલા ને મળીને પૂછપરછ કરતા જણાવેલ લગ્નને ૨૦ વર્ષ જેટલો સમયગાળો થયેલ સંતાનમાં ત્રણ બાળકો છે. ૧૫ દિવસ પહેલા રસોઈ ની બાબત માંથી પતિ પત્ની વચ્ચે ઝઘડો થયેલ. ત્યારે પીડીતા મહિલા ના પતિએ પીડિતા સાથે મારપીટ કરેલ. હતી તેથી પીડિતા મહિલાએ તેમના પતિ સાથે છેલ્લા ૧૫ દિવસથી વાતચીત કરવાનું બંધ કરેલ. અને વાતચીત ન કરવાના કારણે પતિ-પત્નીના સંબંધમાં વધારે મતભેદ થવા લાગેલ. તેથી પીડીતા મહિલાએ તેમના માતાને બોલાવેલા અને છુટાછેડા કરવાનું નક્કી કરેલ. પીડીતા મહિલા ના માતા સાથે વાત કરતા તેમને જણાવેલ કે તેઓએ જ પીડિતા મહિલાને ૧૮૧ વિશેની સલાહ આપેલ હતી. પીડીતા મહિલા અને તેમના પતિ સાથે વાતચીત કરેલ. મહિલાના પતિનું કાઉન્સિલિંગ કરેલ. મહિલાના પતિએ જણાવેલ કે મોંઘવારીના સમયમાં આર્થિક રીતે હેરાન થતા હોવાથી ઘરની અંદર ઝઘડાઓ થાય છે. મહિલાના પતિને સમજાવે કે મારપીટ કરવી એ સમસ્યાનું નિવારણ નથી. પીડીતા મહિલા પહેલા તો છુટાછેડા ની જ વાત કરતા હોય પરંતુ તેમને પણ સમજાવેલ. અને બાળકોના ભવિષ્ય વિશેની સમજણ આપેલ . તથા આર્થિક રીતે તંગી હોવાથી બંને પક્ષે જરૂર મુજબના ખર્ચો કરી ગુજરાન ચલાવું જોઈએ. તથા વ્યસન એ કેટલું સેહત માટે હાનિકારક છે તે સમજાવ્યું. મહિલાના પતિ તે વાત થી સહમત થયેલા અને હવે પછી મહિલા સાથે મારપીટ કરશે નહીં તેવી બાંહેધરી આપેલ. અને મહિલા પણ રાજી ખુશીથી તેમના પતિ તથા બાળકો સાથે રહેવા માંગતા હતા. ત્યારબાદ યોગ્ય સલાહ-સુચન,માર્ગદર્શન આપેલ.

# રાજકોટમાં ગેંગવોર વકરે તે પહેલા પોલીસ એકશનમાંઃ ૧૧ સામે હત્યાની કોશીષ અને જાહેરમાં બખેડો કરવાનો ગુન્હો નોંધાયો

## એ-ડિવિઝન પોલીસ મથકના પીએસઆઇ ફરીયાદી બન્યાઃ પેંડા ગેંગના બે શખ્સોને ઉઠાવી લઇ અન્યોની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ગેંગવોરમાં મંગળા મેઈન રોડ પર થયેલ આડેધડ ફાયરિંગના બનાવમાં ૧૧ શખ્સો સામે ગુનો નોંધાયો હતો અને પેંડા ગેંગના બે શખ્સોને સકાંજામાં લઈ અન્ય શખ્સોની શોધખોળ આદરી હતી. જૂની અદાવતમાં પેંડા ગેંગના સાગરીતો અને સમીર ઉર્ફે સંજલાની ગેંગે સામસામા ભડાકા કરતાં ઘટના જીવલેણ બનતાં સહેજમાં અટકી હતી.

બનાવ અંગે રાજકોટના એ.ડિવિઝન પોલીસ મથકમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા સત્યજીતસિંહ રાણાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કુખ્યાત પેંડા ગેંગના ચાર શખ્સો અને સમીર ઉર્ફે મુર્ગો ગેંગના સાત શખ્સોના નામ આપતાં એ.ડિવિઝન પોલીસે હત્યાનો પ્રયાસ, રાયોટિંગ, આર્મ્સ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.



વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ કે, ગઈ રાતના ૦૩/૩૦ વાગ્યાના અરસામાં મંગળા રોડ ઉપર આવેલ પ્રગતી હોસ્પીટલ પાસે જાહેર રોડ ઉપર ફાયરીંગનો બનાવ બનેલ છે, જે હકિકત મળતા તુરંત ચાર વાગ્યે બનાવ વાળી જગ્યા ઉપર જવા રવાના થયેલ અને બનાવ બાબતે આજુબાજુના માણસોની પુછપરછ કરતા તેમજ આજુબાજુમાં આવેલ સીસીટીવી ફૂટેજ ચેક કરતા તેમજ હોસ્પીટલના સીકયુરીટી ગાર્ડ રમેશભાઈ વાઘેલાની પુછપરછ કરતા જણાવેલ કે, હોસ્પીટલમાં દાખલ જાવેદભાઇ જુસબભાઈ જુણેજાના સગા ઉપર રાત્રીના ફાયરીંગનો બનાવ બનેલ હોવાનુ જણાવેલ હતું.

જેથી દાખલ દર્દીના સગા બાબતે તપાસ કરતા અબ્દુલ્લા ભીખુભાઈ ઘાડા હાજર હોય જેથી તેઓને બનાવ અંગે પુછતા પોતે દર્દી જાવીદભાઇ જુણેજાના જમાઈ થતા હોય અને ગઇ તા.૨૮ ના સસરા જાવીદભાઈ હાર્ટએટેક આવેલ હોય જેથી મંગળા રોડ ઉપર આવેલ પ્રગતી હોસ્પીટલમાં દાખલ કરેલ હતા, બાદમાં હું તથા મારી પત્ની રોશનબેન, સાળી યાસ્મીનબેન જુણેજા, મારો દીકરો શાહનવાઝ, પુત્રના મીત્રો સમીર ઉર્ફે મુરઘો તથા સોહીલ સીંકદર ચાનીયા, સોહીલ દીવાન ફકીર, અલ્તાફ પીપરવાડીયા તથા બીજા અન્ય મીત્રો હોસ્પીટલ ખાતે નીચે બેસેલ હતા.

તેમનો સાળો સમીર ઉર્ફે સંજલો જુણેજા તે હોસ્પીટલથી થોડે આગળ બીજી હોસ્પીટલ આવેલ છે ત્યાં તેની સફેદ કલરની ફોરચ્યુનર કાર પાસે હતો. ત્યારે વહેલી સવારના આશરે સાડા ત્રણેક વાગ્યાના અરસામાં એક કાળા કાચ વાળી નંબર પ્લેટ વગરની સ્વીફટ ગાડી પહેલા સુર્યકાંત હોટલ બાજુથી નીકળી ટાગોર રોડ તરફ ગયેલ અને તે જ ગાડી થોડીવારમાં પરત આવેલ હતી. આ દરમ્યાન મારો મીત્ર મોહસીન ઉર્ફે ચીનલો કુરેશી તેની થાર ગાડી લઈને આવેલ અને તેની સાથે સાથે એક સફેદ કલરની શ ૨૦ કાર જે નંબર પ્લેટ વગરની હતી તે કાર આવીને ઉભી રહેલ હતી.

તે કારમાંથી ચાર વ્યક્તિઓ ઉતરેલ અને તે પૈકી બે વ્યક્તિઓ અમારા ઉપર ફાયર કરવા લાગેલ અને ફાયરીંગ થતા મારો મીત્ર મોહસીન ઉર્ફે ચીનલો તેની થાર ગાડી લઈને ત્યાંથી નીકળી ગયેલ હતો.

કારમાં આવેલ ફાયરીંગ કરવા વાળા વ્યકિતઓ પૈકી એક મેટીયો ઝાલા અને તેની સાથેનો ફાયરીંગ કરનાર બીજો માણસ ભયલુ ગઢવી હતો. તેમજ બીજા બે અજાણ્યાં શખ્સો હતાં. મેટીયો ઝાલા તથા ભયલુ ગઢવી સીધા જ અમારા ઉપર તેમના પાસે રહેલ હથીયારથી આડેધડ ફાયરીંગ કરવા લાગેલ જેથી અમને ભય લાગતા રોડ ઉપરથી ભાગી હોસ્પીટલના ગેઈટ પાસે જતા રહેલ હતા. જેથી કોઇને ગોળી લાગેલ કે ઈજા થયેલ નહીં અને તે દરમ્યાન આ મેટીયો ઝાલા તથા ભયલુ ગઢવી તથા તેની સાથેના બન્ને ઇસમો તેઓની નંબર વગરની કારમાં બેસીને ભાગવા લાગેલ હતાં.

જેથી તેઓની સાથે ત્યાં ઉભેલ માણસો શ ૨૦ કાર પાછળ દોડેલ હતા અને તે દરમ્યાન સાળો તેની ફોરચ્યુનર ગાડીમાં આગળની શેરીમાં બેસેલ હોય તેને ખબર પડતા તે પોતાની ફોરચ્યુનર કાર લઈને બહાર નીકળવા જતા તેને સામેથી આવતી મોહસીન ઉર્ફે ચીનલાની પાસે રહેલ થાર ગાડીમાં ભટકાડી દીધેલ અને બાદમાં સાળા સમીર ઉર્ફે સંજલાને ચીનલાએ કહેલ કે પાછળની ૧૨૦ ગાડીમાં ભયલુ ગઢવી તથા મેટીયો ઝાલા એ ફાયરીંગ કરેલ છે, જે વાતની જાણ કરતા સમીર ઉર્ફે સંજલાએ પોતાની ફોરચ્યુનર કારમાંથી હથીયાર કાઢેલ અને મેટીયા તથા ભયલુ ગઢવી જે ગાડી લઈને આવેલ તે કાર ઉપર આડેધડ ફાયરીંગ કરેલ અને બધા પણ ત્યાથી દોડીને કાર પાછળ હાથમાં પથ્થર લઈને મારવા દોડેલ હતા, પરંતુ આ લોકો ત્યાંથી ભાગી ગયેલ હતા.

બાદમાં જોયેલ તો આ ફાયરીંગ દરમ્યાન એક ગોળી મારા એકટીવામાં લાગેલ હતી અને બીજી ગોળીઓ ત્યાં વાહનો પડેલા હતા તેમાં લાગેલ હતી. જે બાદ પોલીસે પ્રગતી હોસ્પીટલના સીસીટીવી ફુટેજ ચેક કરતા જેમાં સફેદ કલરની ૧૨૦ કારમાં ડ્રાઇવર શીટ ઉપર જે વ્યકિત ઉતરી ફાયરીંગ કરે છે તે ઇસમ મેટીયો ઝાલા હોવાનુ તેમજ કારની પાછળની ડાબી બાજુના દરવાજામાંથી હાથમાં એક ધોકા જેવુ હથીયાર લઈને ઉતરે છે.

તે શખ્સ મોન્ટુ કોળી, ડ્રાઇવરની ડાબી બાજુના દરવાજાથી ઉતરતો ઇસમ હીંમત ઉર્ફે કાળુ લાંગા (ગઢવી) અને પાછળની સીટમાંથી ઉતરી ફાયરીંગ કરતો ભયેલુ ગઢવી હોવાનું સામે આવ્યું હતું.

બાદ સાગર મેડીકલના સીસીટીવી ફૂટેજ ચેક કરતા તેમાં મારા મારી કરી ફાયરીંગ કરતો શખ્સ જેણે ટી-શર્ટ તથા ચડ્ડો પહેરેલ છે તે સમીર ઉર્ફે સંજલો જુણેજા હોવાનુ તેમજ શ ૨૦ કાર પાછળ દોડતા ઇસમો અબ્દુલ્લા ઉર્ફે દુલીયો, શાહનવાઝ, સોહીલ સીંકદર ચાનીયા તથા સોહીલ દીવાન ફકીર હોવાનુ તેમજ ટી-શર્ટ તથા હાથમાં ફાયરનો બાટલો છે તે સોહીલ ફકીર તથા અમન અલ્તાફ પીપરવાડીયા હોવાનુ જાણવા મળેલ હતું.

બાદમાં આ બનાવ બનવાનુ કારણ અંગે હાજર અબ્દુલ્લાને પુછતા જણાવેલ કે, ગઇ ઉતરાયણના દીવસે મારા ભાણેજ સોહીલ ચાનીયા (રહે. નીલકંઠ પાર્ક કોઠારીયા રોડ) ને છોકરી બાબતે ગોકુલધામ કવાર્ટરમાં માથાકુટ થયેલ હતી. જે બાબતે માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ થયેલ હતી. ત્યારે આ મેટીયા ઝાલા તથા તેની સાથેના માણસોએ ભાણેજના હાથ પગ ભાંગી નાખેલ હતાં. તે બાબતે મારા દીકરા શાહનવાઝ તથા તેના મીત્ર સમીર ઉર્ફે મુરઘાએ પરીયા ગઢવી ઉપર પુનીતના ટાંકા પાસે ફાયરીંગ કરેલ હતુ અને જે બાબતે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ થયેલ હતી.

જે બાબતનો ખાર રાખી આ ભયલુ ગઢવી તથા મેટીયા ઝાલાએ ગઈ તા.૧૫ ના રોજ જંગલેશ્વરમાં બેસેલ હતા ત્યારે ફાયરીંગ કરેલ હતા અને તે બાબતે શાહનવાઝે ભકિતનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ કરેલ હોય જે ભાબતેનો ખાર રાખી આ મેટીયા ઝાલા તથા ભયલુ ગઢવી તથા તેની સાથે ગાડી ચલાવી આવેલ અજાણ્યા માણસોએ આડેધડ ફાયરીંગ કરી મારી નાખવાની કોશીષ કરેલ તેમજ તેમના સાળા સમીર ઉર્ફે સંજલાએ પણ આ લોકો સામે ફાયરીંગ કરેલ હતા.

બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, ડિસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડી ગયાં હતાં અને બનાવની તપાસ એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાને સોંપી હતી.